॥ अथ पंचदशमोऽध्यायः ॥

गरुडजी भगवानने प्रश्न पूछे छे के, हे भगवान् ! धर्मात्मा जन स्वर्गसुखनो उपभोग लइ शेष ( बाकी ) रहेला पुण्यने योगे फरीथी उत्तम कुलमां जन्म ले छे वगेरे मने कह्युं; परन्तु तेओनी उत्पत्ति तेओनी माताना जठरमां शी रीते थाय छे? ते मने कहो ॥१॥ कदापि पुण्यवान् आत्माने मनुष्यदेहनी प्राप्ति थाय, तो ते पोताना मनमां शी रीतना विचार करे छे ? ते पण मने कहो, ॥२॥ भगवान् कहे छे, हे गरुड ! तमे उत्तम प्रश्न पूछयो, परंतु ते विषय अति गुप्त ते, आ विषयनुं जे जन श्रवण करे, तेने

## ॥ अथ पंचदशमोऽध्याय ॥

गरुड उवाचः—

धर्मात्मा स्वर्गतिं भुक्त्वा जायते विमले कुले ॥ अतस्तस्य समुत्पत्तिं जननीजठरे वद ॥१॥
यथा विचारं कुरुते देहेऽस्मिन्सुकृती जनः ॥ तथाहं श्रोतुमिच्छामि वद मे करुणानिधे ! ॥२॥

श्री भगवानुवाचः—

साधु पुष्टं त्वया तार्क्ष्य ! परं गोप्यं वदामि ते ॥ यस्य विज्ञानमात्रेण सर्वज्ञत्वं प्रजायते ॥३॥
वक्ष्यामि च शरीरस्य स्वरूपं पारमार्थिकम् ॥ ब्रह्मांडगुणसंपन्नं योगिनां धारणास्पदम् ॥४॥
षट्चक्रचिंतनं यस्मिन्यथा कुर्वंति योगिनः ॥ ब्रह्मरंध्रे चिदानंदरूपध्यानं तथा श्रृणु ॥५॥

सर्वज्ञता प्राप्त थाय छे. ॥३॥ हे गरुड ! तमने शरीरनुं वास्तविक रुप कही संभळावुं छुं, के सकल गुणोथी संपन्न छतां, योगी जनोनी धारणाओने आश्रयभूत छे; कारण के, योगीओ शरीरमां ज परमेश्वर छे, एवी धारणा करे छे. ॥४॥ ए रीतना शरीर मांहेना षट् (छ) चक्रोनुं चितन करीने, योगीओ पोतिका ब्रह्मरंध्रने (मगजनी अंदरना छिद्रने) विषे चिदानंद रुप परमेश्वरनुं जे ध्यान करे छे, ते तमने कहुं छुं, ते सांभळो. ॥५॥

पुण्यवान् मनुष्य उत्तम, पवित्र तथा श्रीमान्–(धनवान) ना कुलमां जन्म ले छे, तो तेनां पवित्र मावापे जे नियम पाळवाना छे ते कहुं छुं. ॥६॥ स्त्रीने ऋतुकाल (रजस्वलापणुं) प्राप्त थाय, एटले तेणीनो चार दिवस सुधी त्याग करवो; ते एवी रीते के चार दिवस तो तेणीनुं मुख धरादरी नहि जोवुं, कारण के, जुए तो पतिना शरीरमां पापोत्पत्ति थाय छे. ॥७॥ चोथे दिवसे तेणी सचैल ( लूगडां सहितनुं ) स्नान करे, त्यारे घरकाम योग्य शुद्ध थाय छे. सात दिवस थया पछी तेणी देवो तथा पितरोना पूजन बाबत योग्य थाय छे. ॥८॥ रजोदर्शन थया पछी सात दिवसनी मांहे गर्भ धरे, तो ते गर्भ मलि-

शुचीनां श्रीमतां गेहे जायते सुकृता यथा ॥ तथा विधान नियम तत्पित्रोः कथयामि ते ॥६॥
ऋतुकाले तु नारीणां त्यजेद्दिनचतुष्टयम् ॥ तावन्नालोयेद्वक्‌ं पापं वपुषि संभवेत् ॥७॥
स्नात्वा सचैलं सा नारी चतुर्थेऽहनि शुध्यति ॥ सप्ताहात्पितृदेवानां भवेद्योग्या व्रतार्चने ॥८॥
सप्ताहमध्ये यो गर्भः स भवेन्मलिनाययः ॥ प्रायशः संभवंत्यत्र पुत्रास्त्वष्टाहमध्यतः ॥९॥
युग्मासु पुत्रा जायंते स्त्रियोऽयुग्मासु रात्रिषु ॥पूर्वसप्तकमुत्सृज्य तस्माद्युग्मासु संविशेत् ॥१०॥
षोडशर्तुनिशाः स्त्रीणां सामान्याः समुदाहृताः ॥ यावै चतुर्दशी रात्रिर्गर्भतिष्ठति तत्र वै॥११॥
गुणभाग्यनिधिः पुत्रस्तदा जायेत धार्मिकः ॥ सा निशा प्राकृतैर्जीवैर्न लभ्यते कदाचन ॥१२॥

नाशय ( पुत्री ) थाय छे. आठ दिवसनी मांहे गर्भ धारण करे, तो ते गर्भ घणुं करीने पुत्र थाय छे. ॥९॥ युग्म ( बेकीनी ) रात्रीमां गर्भ रहे, तो पुत्र थाय छे, माटे प्रथम दिवस त्याग करीने, पछी बेकीवाळी रात्री–( आठमी ए बेकी, अने सातमी नवमी ए एकी ) मां गर्भ धारण करवो. ॥१०॥ ऋतुदर्शन थाय ते दिवसथी सोळ रात्री सुधी गर्भ धारण करवानो काल तेमां चौदमी रात्रीने विषे गर्भ धारण थाय तो ॥११॥ ते गुण अने भाग्यनो निधि ( दरीओ ) छतां मोटो धार्मिक थाय छे, ए चौदमी रात्री सामान्य मनुष्योने प्राप्त थती नथी. ॥ १२॥

पांचमे दिवसे स्त्रीने मधुर (गळया) अन्ननुं भोजन कराववुं, तेम छतां कडवा, खारा, तीखा तथा गरम वगेरे बाधक पदार्थो घणुं करीने खावा देवा नहि. ॥१३॥ एटले तेथी संतति ( बाळको ) अति उत्तम उत्पन्न थाय छे, ते बाबत दृष्टांतः- जेम कोइ खेतरने सारी रीते तैयार करीने, तेमां बीज वाववाथी. खेडूतने उत्तम धान्य पाकवानो लाभ थाय छे, तेम स्त्री पण गर्भनुं खेतर छे एम जाणवुं, माटे तेणीनी स्थिति जो सारी रीतनी राखे, तो तेणी थकी सारो पुत्र प्राप्त थाय छे. ॥१४॥ पुरुषे स्त्रीगमन काले तांबूल भक्षण करवुं, अंगे चंदन लगाडवुं तथा अनेक प्रकारनां पुष्पो धारण करवां, शरीर शुद्ध छतां, पहे-

पंचमेऽहनि नारीणां कार्यं मधुरभोजनम् ॥ कटु क्षारं च तीक्ष्णं च त्याज्यमुष्णं च दूरतः ॥१३॥
तत्क्षेत्रमोषधीपात्रं बीजं चाप्यमृतायितम ॥ तस्मिनुप्त्वा नरः स्वामी सम्यक् फलमवाप्नुयात् ॥१४॥
तांबूलपुष्पश्रीखंडैः संयुक्तः शुचिवस्त्रभृत् ॥ धर्ममादाय मनसि सुतल्पं संविशेत्पुमान् ॥१५॥
निषेकसमये यादृङ्नरचितविकल्पना ॥ तादृक्स्वभावसंभूतिर्जंशति कुक्षिगः ॥१६॥
चैतन्यं बीजभूतं हि नित्यं शुक्रेऽप्यवस्थितम् ॥ कामश्चितं च शुक्रंच यदा ह्येकत्वमाप्नुयात् ॥१७॥
तदा द्रावमवाप्नोति योषिद्गर्भाशये नरः ॥ शुक्रशोणितसंयोगात्पिंडोत्पत्तिः प्रजायते ॥१८॥

रेलां वस्त्रो पण शुद्ध होवां जोइए, तेमज ते समये मनमां धर्मनुं पण चिंतन करवुं. ॥१५॥ वीर्यपतन काले पुरुष पोताना मनमां जेवुं चिंतन करे तेवा स्वभावनो गर्भ स्त्रीना उदरमां प्रविष्ट (प्रवेशित) थाय छे, ॥१६॥ बीजभूत चैतन्न निरंतर वीर्यमां छे. परंतु जे वखते काम, चित्त तथा वीर्यनी एकता थाय छे, ॥१७॥ ते वखत गर्भरुप मनुष्य स्त्रीना गर्भाशयमां पडे छे. पछी शुक्र ( नरवीर्य ) तथा शोणीत- ( स्त्रीरक्त ) नो संयोग ( मिश्रण ) थाय, एटले ते थकी पिंडोत्पत्ति थाय छे. ॥१८॥

ए रहेला गर्भनुं पुंसवनादि ( शास्त्रमां कहेली गर्भने लगती क्रिया ) करे, तो ते अति आनंद आपनार तथा पुण्यवान् थाय छे. ॥१९॥ जे पुरुष गुणवान् उत्पन्न थवाना होय, तेना जन्मकाले सकल ग्रहो उच्चस्थाने होय छे, तथा तेना जन्मकाले ब्राह्मणोने बहु द्रव्य प्राप्त थाय छे. ॥२०॥ ए पुरुष विद्या तथा विनयथी संपन्न छतां, पोताना पिताने घेर मोटा थाय छे, तथा सत्समागमने लीधे सकल वेदोमां पारंगत ( माहितगार ) थाय छे. ॥२१॥ अने ए तारुण्यावस्थामां दिव्य स्त्रीओनो उपभोग लेनारो थइने. दानवान तथा धनवान् थाय छे, ए सघळुं उत्तमपणुं, पूर्वभवना तप, तीर्थ तथा महत्पुण्यना फलोदयथकी प्राप्त

परमानंददः पुत्रो भवेद्गर्भतः कृती ॥ भवंति तस्य निखिलाः क्रियाः पुंसवनादिकाः ॥१९॥
जन्मप्राप्नोति पुण्यात्मा ग्रहेषूच्चगतेषु च ॥ तज्जन्मसमये विप्राः प्राप्नुवंति धनं बहु ॥२०॥
विद्याविनयसंपन्नो वर्धते पितृवेश्मनि ॥ सतां संगेन स भवेत्सर्वागमविशारदः ॥२१॥
दिव्यांगनादिभोक्ता स्यात्तारुण्ये दानवान् धनी ॥ पूर्वं कृततपस्तीर्थमहापुण्यफलोदयात् ॥२२॥
ततश्च यतते नित्यमात्मानात्मविचारणे ॥ अध्यारोपापवादाभ्यां कुरुते ब्रह्मचिंतनम् ॥२३॥
अस्यासंगाववबोधाय ब्रह्मणोऽन्वयकारिणः ॥ क्षित्याद्यनात्मवर्गस्य गुणांस्ते कथयाम्यहम् ॥२४॥
क्षितिर्वारि हविर्भोक्ता वायुराकाश एव च ॥ स्थूलभूता इमे प्रोक्ताः पिंडोऽयं पंचभौतिकः ॥२५॥

थाय छे. ॥२२॥ पछी ते आत्मा अनात्मना (आत्म तथा जीव विषेना विचारनां) चिंतन बाबत निरंतर यत्न करे छे, एवुं चिंतन जाण्या पछी अध्यारोपापवाद करीने (शास्त्रो भणीने), ब्रह्मचिंतन (उपासना माटे प्रथम सगुण अने उपासना दृढ थया पछी वृणनो त्याग करवानुं) करे छे, ॥२३॥ भगवान् गरुडने कहे छेः हे गरुड ! सकल वस्तुमां व्यापी रहेनारा ब्रह्मना ज्ञानना अर्थे, आत्माथकी जुदाइवाळा पृथव्यादि पदार्थोनुं ज्ञान तमने कहुं छुं, ॥२४॥ पृथ्वी, जल, तेज, वायु अने आकाशने स्थूल भूतो कहे छे, ए एकत्र थइने पिंडनी उत्पत्ति थाय छे, तेने पंचभौतिक शरीर कहे छे. ॥२५॥

ए शरीरमां त्वचा, अस्थि, नाडी, केश अने मांस ए सर्व पृथ्वीने लगता जाणवा. ॥२६॥ लाळ, मूत्र, वीर्य, मज्जा तथा रक्त ए पांच जलना गुण जाणवा, हे गरुड ! हवे तमने तेजना गुण कहुं छुं ते सांभळो. ॥२७॥ क्षुधा, तृषा, आळस्य, निद्रा अने कांति ए पांच गुण तेजना छे, एवुं मोटा योगीओए कहेलुं छे. ॥२८॥ आकुंचन, धावन, चलन, लंघन, प्रसारण अने चेष्टित ए पांच गुण वायुना जाणवा. ॥२९॥ घोष, चिंता, शून्यत्व, मोह अने संशय ए आकाशना गुण जाणवा. ॥३०॥ मन,

त्वगस्थिनाड्यो रोमाणि मांसं चैव खगेश्वर ॥ एते पंचगुणा भूमेर्मया ते परिकीर्तिताः ॥२६॥
लाला मूत्रं तथाशुक्रं मज्जा रक्तं च पंचमम् ॥ अपां पंच गुणाः प्रोक्तास्तेजसोऽपि निशामय ॥२७॥
क्षुधा तृषा तथालस्यं निद्रा कांतिस्तथैव च ॥ तेजः पंचगुणं तार्क्ष्यः प्रोक्तं सर्वत्र योगभिः ॥२८॥
आकुंचनं धावनं च लंघनं च प्रसामणम् ॥ चेष्टितम् चेति पंचैव गुणाः वायोः प्रकीर्तिताः ॥२९॥
घोषश्चिंता च शून्यत्वं मोहश्चिंता च संशयः ॥ आकाशस्य गुणाः पंच ज्ञातव्याते प्रयत्नतः ॥३०॥
मनोबुद्धिरहंकारश्चिंतं चेति चतुष्टयम् ॥ अंतःकरणमुद्दिष्ठं पूर्वकर्माधिवासितम् ॥३१॥
श्रोत्रं त्वक्चक्षुषी जिह्वा घ्राणं ज्ञानेन्द्रियाणि च ॥ वाक्पाणिपादपायूपस्थानि कर्मेन्द्रियाणि च ॥३२॥
दिग्वावार्तार्कप्रचेतोश्विवह्नींद्रोपेंन्द्रमित्रकाः ॥ ज्ञानकर्मेन्द्रियाणां च देवताः परिकीर्तिताः ॥३३॥

बुद्धि, चित्त अने अहंकार ए चारे अंतःकरणना धर्म छे, अंतःकरण पूर्वकर्मना संस्कारोथी युक्त छे. ॥३१॥ श्रोत्र, त्वक, नेत्र, जिह्वा अने घ्राण (नाक) ए पांच ज्ञानेंद्रियो छे, वाक्, पाणि, पाद (पग), गुदाद्वार तथा उपस्थ ए पांच कर्मेन्द्रियो छे. ॥३२॥ दिक्, वात, अर्क, प्रचेता, अश्वि, अग्नि, इंद्र, उपेन्द्र तथा मित्र ए सर्वे ज्ञानेंद्रियो तथा कर्मेन्द्रियोना अधिष्टाता देवो छे. ॥३३॥

इडा, पिंगला सुषुम्ना, गांधारी, गजजिह्वा, पुषा, यशस्विनी, ।।३४।। अलंबुष, कुहू तथा शंखिनी ए शरीर मांहेनी मुख्य दश नाडीओ छे. ।।३५।। प्राण, अपान, उदान, समान तथा व्यान एवा पांच प्राणवायु छतां नाग, कुर्म, कृकल, देवदत्त अने धनंजय ए तेमनी अनुक्रमे संज्ञाओ जाणवी. ।।३६।। हवे तेमना स्थान कहुं छुं, हृदयमां प्राण, गुदामां अपान नाभिमां समान, कंठमां उदान तथा आखा शरीरमां व्यान जाणवो. ।।३७।। जे स्थानेथी ओटकार ऊठे छे, ते स्थानमां रहेनारा वायुने नाग कहे छे, उन्मीलन-( विकास ) नां स्थानमां रहेनारा वायुने कुर्म एवी संज्ञा जाणवी, क्षुत्बोध (भूख लाग्यानी खबर) करनारा

इडा च पिंगला चैव सुषुम्नाख्या तृतीयका ॥ गांधारी गजजिह्वा च पूषा चैव यशस्विनी ॥३४॥
अलंबुषा कुहूश्चापि शंखिनी दशमो तथा ॥ पिंडमध्यस्थिता ह्येताः प्रधाना दश नाडिकाः ॥३५॥
प्राणोऽपानः समानाख्य उदानो व्यान एव च ॥ नागः कूर्मश्च कृकलो देवदत्तो धनंजयः ॥३६॥
हृदि प्राणो गुदेऽपानः समानो नाभिमंडले ॥ उदानः कंठदेशे स्याद्व्यानः सर्वशरीरगः ॥३७॥
उद्गारे नाग आख्यातः कूर्म उन्मीलने स्मृतः ॥ कृकलः क्षुत्करो ज्ञेयो देवदत्तो विजृंभणे ॥३८॥
न जहाति मृतं वापि सर्वव्यापि धनंजयः ॥ कवलैर्भूक्तमन्नं हि पुष्टिदं सर्वदेहिनाम् ॥३९॥
नयते व्यानको वायुः सारांशं सर्वनाडिषु ॥ आहारो भुक्तमात्रो हि वायुना क्रियते द्विधा ॥४०॥

वायुनुं नाम कृकल जाणवुं, बगासुं लावनारा वायुने देवदत्त कहे छे. ।।३४।। सकल शरीरमां व्यापी रहेनारो धनंजय वायु मुआ पछी पण शरीरनो त्याग करतो नथी, मनुष्य जेटलुं अन्नोदक खाय छे तथा पीए छे तेनो रस बनावीने, ए धनंजय वायु शरीरना सघळा भागोमां पहोंचाडया छतां, पुष्ट करे छे. ।।३९।। व्यान नामनो वायु सकल शरीरमां व्याप्त छतां भक्षण करेला अन्ननो रस शरीरमांनी सकल नाडीओमां पहोंचाडे छे. हवे रसप्रवेशनो प्रकार कहुं छुं, जेटलो आहार करवामां आवे छे, तेना वायुने योगे बे भाग थाय छे. ।।४०।।

तेनो गुदद्वारमां प्रवेश थइने, जल अने अन्नना बे भाग जूदा थाय छे, ते एम के, अग्निनी उपर जल, अने जलनी उपर अन्न होय छे. ॥४१॥ अग्निना नीचे प्राणरुपी वायु स्थिति करीने ए अग्निने प्रदिप्त करे छे, पछी तेने योगे रस तथा मलनुं पृथक्करण थाय छे ॥४२॥ पछी व्यानरुपी वायु रसने नीचे करे छे, अने पृथक् थएलो मल बारद्वारोए नकळीने शरीरथकी छूटो पडे छे. ॥४३॥ हवे ए मलस्थानो कहुं छुं, कर्ण, अक्षि नासिका, जिह्वा, दंत, नाभि, नख, गुद, गुह्य, शिर, शरीर तथा केश ए सर्वे शरीर मांहेनो मल त्याग करवानां स्थान जाणवां. ॥४४॥ ए रीतनां सर्वे वायु परमेश्वरनी ज सत्ताथी पोतपोतिका

संप्रविश्य गुदे सम्यक्पृथगन्नं पृथग्जलम् ॥ऊर्ध्वमग्नेर्जलं कृत्वा कृत्वान्नं च जलोपरि ॥४१॥

अग्नेश्चाधः स्वयं प्राणः स्थित्वाग्निं धमते शनैः ॥ वायुना ध्मायमानोऽग्निः पृथक्किट्टं पृथग्रसम् ॥४२॥

कुरुते व्यानको वायुर्विष्वक्संप्रापयेद्रसम् ॥ द्वारैर्द्वादशभिभिन्नं किट्टं देहाद्बहिः स्रवेत् ॥४३॥

कर्णाऽक्षिनासिका जिह्वा दंता नाभिर्नखा गुदम् ॥ गुह्यं शिरा वपुर्लोम मलस्थानानि चक्षते ॥४४॥

एवं सर्वे प्रवर्तंते स्वस्वकर्मणि वायवः ॥ उपलभ्यात्मनः सत्तां सूर्यालोकं यथा जनाः ॥४५॥

इदानीं नरदेहस्य शृणु रूपद्वयं खग ! ॥ व्यावहारिकमेकं च द्वितीयं पारमार्थिकम् ॥४६॥

तिस्रः कोट्योऽर्धकोटी च रोमाणि व्यावहारिके ॥ सप्तलक्षाणि केशाः स्युर्नखाः प्रोक्तास्तु विंशतिः ॥४७॥

काम बाबत तत्पर छतां प्रवृत्ति थाय छे, ते बाबत दृष्टांत–जेम सर्व जन सूर्यना प्रकाशथी ज युक्त छआं, सर्व प्रकारनां चलनवलन करे छे, तेम. ॥४५॥ भगवान् कहे छे, हे गरुड ! हवे तमने न देहनां बे रुप व्यवहार सारु उपयोगी छे, माटे तेने व्यवहारिक कहे छे; तथा बीजुं रुप खरुं छे, माटे तेने पारमार्थिक कहे. छे. ॥४६॥ व्यवहारिक शरीरपर साडा त्रण करोड रोम, सात लाख केश तथा वीस नख छे. ॥४७॥

बत्रीस दांत छे, रूधिर सो तोला अने मांस हजार तोला छे, ए सामान्य लक्षण जाणवुं ॥४८॥ दश तोला मेद, सीत्तेर तोलानुं त्वचा, बार तोला मज्जा अने त्रण तोला महारक्त (प्राणना आश्रयवडे रहेनारुं रक्त) छे ॥४९॥ बे कुडव (पाशेर) शुक्र (वीर्य) अने एक पाशेर शोणित (आनी उत्पत्ति स्त्रीना ऋतुथकी) छे, शरीरमां त्रणसें साठ हाडडां छे. ॥५०॥ शरीरमां नानी मोटी कोटी कोटयावधि नाडियो (नसो) छे, देहमां पचास तोला पित्त तथा, पचीस तोला श्लेष्म छे. ॥५१॥ मुत्र तना विष्टानी उत्पत्ति निरंतर छे, तेथी तेनुं परिमाण नथी, ए रीतनो सकल समुदाय मळीने, व्यवहारिक शरीर कहेवाय

द्वात्रिंशद्दशनाः प्रोक्ताः सामान्याद्विनतासुत ! ॥ मांसं पलसहस्रं तु रक्तं पलशतं स्मृतम् ॥४८॥
पलानि दश मेदस्तु त्वक्पलानि च सप्ततिः ॥ पलद्वादशकं मज्जा महारक्तं पलत्रयम् ॥४९॥
शुक्रं द्विकुडवं ज्ञेयं कुडवं शोणितं स्मृतम् ॥ षट युत्तरं च त्रिशतमस्थ्नां देहे प्रकीर्तितम् ॥५०॥
नाड्यः स्थूलाश्च सूक्ष्माश्च कोटिशः परिकीर्तिताः ॥ पित्त पलानि पंचाशत्तदर्धे श्लेष्मणस्तणा ॥५१॥
सततं जायमानं तु विण्मूत्रं चाप्रमाणतः ॥ एतद्गुसमायुक्तं शरीरं व्यावहारिकम् ॥५२॥
भुवनानि च सर्वाणि पर्वतद्वीपसागराः ॥ आदित्याद्याः ग्रहाः संति शरीरे पारमार्थिके ॥५३॥
पारमार्थिकदेहे हि षट्चक्राणि भवंति च ॥ ब्रह्मांडे ये गुणाः प्रोक्तास्तेऽप्यस्मिन्नेव संस्थिताः ॥५४॥
तानहं ते प्रवक्ष्यामि योगिनां धारणास्पदान् ॥ येषां भावनया जंतुर्भवेद्वैराजरूपभाक् ॥५५॥

छे, एवो संप्रदाय छे, ॥५२॥ जे पारमार्थिक शरीर कह्युं छे, तेमां सकल भुवनो, पर्वतो, द्वीपो, समुद्रो तथा आदित्यादि ग्रहो वगेरे सर्वे निवास करे छे. ॥५३॥ ए पारमार्थिक शरीरमां छ चक्र छे, सकळ गुणयुक्त ब्रह्मांड पण शरीरमां ज वास करे छे. ॥५४॥ भगवान कहे छे, ते गुण हुं तमने कहुं छुं, ए ब्रह्मांड योगीजनोनी धारणाने आश्रयभूत छे, ए गुणनी भावना करे, एटले जीवो वैराटरूपनुं सेवन करनारा सहज थाय छे. ॥५५॥

पगनी नीचे तल नामनुं पाताल के, जे सप्त पातालमांनुं गणाय छे, ते जाणवुं उपरनी तरफ वितल जाणवुं, ढींचणमां सुतल जाणवुं, जांघोमां महातल जाणवुं. ॥५६॥ जांघोना मूलमां तलातल जाणवुं, कटी–(कम्मर) मां पाताल जाणवु. ए प्रमाणे सात लोकनी पण स्थिति जाणवी. ॥७॥ नाभिने विषे भूर्लोक जाणवां, तेनी उपर भुवर्लोक जाणवो, हृदयमां स्वर्गलोक जाणवो, कंठप्रदेशमां महर्लोक जाणवो. ॥५८॥ मुख प्रदेशमां जनलोक जाणवो, ललाट प्रदेशमां तपलोक जाणवो. ब्रह्मरंध्रमां सत्यलोक तथा चौद भुवनो जाणवां, ॥५९॥ हृदयमांना कमलना त्रिकोणपर मेरु जाणवा, तेनी नीचे मंदर पर्वत

पादाधस्तात्तलं ज्ञेयं पादोर्ध्वं वितलं तथा ॥ जानुनोः सुतलं विद्धि सक्थिदेशे महातलम् ॥५६॥
तलातलं सक्थिमूले गुह्यदेशे रसातलम् ॥ पातालं कटिसंस्थं च सप्त लोकाः प्रकीर्तिताः ॥५७॥
भूर्लोकं नाभिमध्ये तु भुवर्लोकं तदूर्ध्वके ॥ स्लर्लोकं हृदये विद्यात्कंठदेशे महस्तथा ॥५८॥
जनकोकं वक्त्रदेशे तपोलोकं ललाटके ॥ सत्यलोकं ब्रह्मरंध्रे भुवनानि चतुर्दश ॥५९॥
त्रिकोणे संस्थितो मेरुरधः कोणे च मंदरः ॥ दक्षकोणे च कैलासो वामकोणे हिमाचलः ॥६०॥
निषधश्चोर्ध्वरेखायां दक्षायां गंधमादनः ॥ रमणो वामरेखायां सप्तैते कुलपर्वताः ॥६१॥
अस्थिस्थाने भवेज्जंबुःशाको मज्जासु संस्थितः ॥ कुशद्वीपः स्थितोमांसे क्रौंचद्वीपः सिरासु च ॥६२॥

जाणवो, दक्षिण ( जमणे पासे ) कैलास जाणबो तथा डाबे कोण हिमालय जाणवो. ॥६०॥ उपरनी रेखापर निषध नामनो पर्वत जाणवो, जमणी रेखापर गंधमादन पर्वत जाणवो, रमण पर्वत डावी रेखापर जाणवो, ए प्रकारे सात कुल पर्वत जाणवा. ॥६१॥ अस्थि स्थाने जंबुद्वीप जाणवो, मज्जाने विषे शाक नामनो द्वीप जाणवो, मांसने विषे कुशद्वीप जाणवो, शिराओने विषे क्रौंच नामनो द्वीप जाणवो. ॥६२॥



१५८

त्वचाने विषे शाल्लकी नामनो द्वीप जाणवो, सकल रोमोना समुदायने विषे गोमेद नामनो द्वीप जाणवो, नखने विषे पुष्कर द्वीप जाणवो, हवे समुद्र व्यवस्था कहुं छुं. ॥६३॥ मूत्रने विषे क्षार समुद्र जाणवो, क्षीर-(दुध, पाणी, परसेवो) ने विषे क्षीर समुद्र जाणवो, श्लेष्म ( मगझनुं झरण ) ने विषे सुरा ( दारु ) समुद्र जाणवो, मज्जाने विषे घृत-( घी ) समुद्र जाणवो. ॥६४॥ शरीरमांनो रस ए समुद्र जाणवो, शोणित ( रुधिर ) ए दधि ( दहीं ) समुद्र जाणवो, गळामां जे लंबिका नामनी नाडी छे ते ठेकाणे शुद्धोदक नामनो समुद्र जाणवो. ॥६५॥ बिंदुचकपर सूर्य वास करे छे, ब्रह्मरंध्रे चंद्र वास करे छे,

त्वचायां शाल्मलींद्वीपो गोमेदो रोमसंचये ॥ नखस्थं पुष्करं विद्यात्सागरास्तदनंतरम् ॥६३॥

क्षारोदो हि भवेन्मूत्रे क्षीरे क्षीरोदसागरः ॥ सुरोदधिः श्लेष्मसंस्थो मज्जायां घृतसागरः ॥६४॥

रसोदधिं रसे विद्याच्छोणिते दधिसागरः॥ स्वादूदो लंबिकास्थाने जानीयाद्धिनतासुत ॥६५॥

नादचक्रे स्थितः सूर्या बिंदुचक्रे च चन्द्रमा ॥ लोचनस्य कुजो ज्ञेयो हृदये ज्ञः प्रकीर्तितः ॥६६॥

विष्णुस्थाने गुरुं विद्याच्छुके शुक्रो व्यवस्थितः॥ नाभिस्थाने स्थितो मंदो मुखे राहुः प्रकीर्तितः॥६७॥

वायुस्थाने स्थितः केतुः शरीरे ग्रहमंडलम् ॥ एवं सर्वस्वरूपेण चिंतयेदात्मनस्तनुम् ॥६८॥

नेत्ररंध्रे मंगल वास करे छे, हृदयमां बुध वास करे छे. ॥६६॥ नाभि प्रदेशमांहेना मणिपूरक नामना चक्रपर बृहस्पति जाणवा, वीर्यने विशे शुक्र जाणवा, नाभिस्थाने शनि वास करे छे, मुख प्रदेशमांहेमां राहु वास करे छे, ॥६७॥ वायुना स्थानने विषे केतु वास करे छे; ए रीते सकल ग्रहमंडल शरीरमां जाणवुं, अने ए रीते सघळा शरीरने आत्मस्वरुपथी चिंतववुं. ॥६८॥ प्रातःकाले निरंतर पद्मासनथी बेसीने, षट् चक्रोनुं चिंतन अजपाजपमां जाणवुं. ॥६९॥

१५८

अजपा नामनी गायत्री ऋषिओने मोक्ष आपनारी जाणवी. मात्र ए गायत्रीनां संकल्पथी मनुष्य सकळ पापो थकी मुक्त थाय छे. ॥७०॥ भगवान् कहे छेः हे गरुड ! तमने अजपा नामनी गायत्रीनो अनुक्रम कहुं छुं, के जे नित्य करे, तो मनुष्य पोताना जीवभावनो त्याग करे छे. ॥७१॥ मनुष्यशरीरने विषे मूलाधार, स्वाधिष्ठान, मणिपुरक, अनाहत, विशुद्धयाख्य तथा आज्ञा एवां छ चक्रो छे. ॥७२॥ मूलाधार, लिंगदेश, नाभि, हृदय, कंठ, भृकुटिनो मध्यभाग, ब्रह्मरंध्र ए स्थानोए, चक्रोनुं

सदा प्रभातसमये बद्धपद्मासनः स्थितः ॥ षटचक्रचिंतनं कुर्याद्यथोक्तमजपाक्रमम् ॥६९॥
अजपा नाम गायत्री मुनीनां मोक्षदायिनी ॥ अस्याः संकल्पमात्रेण सर्वपापैः प्रमुच्यते ॥७०॥
शृणु तोर्क्ष्य! प्रवक्ष्येऽहमजपाक्रमुत्तमम ॥ यं कृत्वा सर्वदा जीवो जीवभावं विमुंचति ॥७१॥
मूलाधारः स्वाधिष्ठानं मणिपूरकमेव च ॥ अनाहतं विशुद्धयाख्यमाज्ञाषट्चक्रमुच्यते ॥७२॥
मूलाधारे लिंगदेशे नाभ्यां हृदि च कंठगे ॥ भ्रुवोर्मध्ये ब्रह्मरन्ध्रे क्रमाच्चक्राणि चिंतयेत् ॥७३॥
आधारं तु चतुर्दलानलसमं वासांतवर्णाश्रयं ॥ स्वाधिष्ठानमपि प्रभाकरसमं बालांतषट्पत्रकम् ॥७४॥
रक्ताभं मणिपूरकं दशदलं डाद्यं फकरांतकं ॥ पत्रैर्द्वादशभित्वनाहतपुरं हैमं कठांतावृतम् ॥७४॥

अनुक्रमे चिंतन करवुं, ॥७३॥ आधारचक्र चतुर्दल ( चार पांखडियोवाळुं ) छतां, अग्नि समान तेजस्वी स्वाधिष्ठान चक्र छे, पांखडियोवाळुं छतां सूर्य समान तेजस्वी छे, मणिपुर चक्र दश पांखडियोवाळुं छतां, तेनी छेवटे ड थी फ सुधीना दश अक्षर छे ए चक्रनो रंग रक्त प्रमाणे छे, अनाहत चक्र चार पांखडियोवाळुं छे, ए चक्र सुवर्ण समान तेजस्वी छतां, क थी ठ सुधीना बार अक्षरोथी युक्त छे. ॥७४॥

विशुद्धचक सोळ स्वरोवाळुं छतां पांखडियोवाळुं छे, एनुं तेज चंद्रसमान स्वच्छ छे, एना उपर बे पांखडियोवाळुं एक कमल छे, तेनुं तेज आरक्त छतां, हंस एवा बे अक्षरोथी युक्त छे, तेनी उपर सहस्रदलात्मक एक कमल छे, ए कमलमां सत्य आनंदमय छतां, शाश्वत एवुं शिवरुप तेज छे. ॥७५॥ ए सकल चक्रोमां गणेश, ब्रह्मदेव, विष्नु, जीव, शिव, गुरु तथा ब्रह्मदेवनुं अनुक्रमे चिंतन करवुं. ॥७६॥ प्रत्येक दिवसे श्वासोच्छ्वासनी आवृत्ति एकवीस हजार छसें वखत थाय छे, एवुं ज्ञानी

पत्रैः सस्वरषोडशैः शशधरज्योतिर्विशुद्धांबुजं हंसेत्यक्षरयुग्मकं द्वयदलं रक्ताभमात्रांबुजम् ॥
तस्मादूर्ध्वगतं प्रभासितमिदं पद्मं सहस्रच्छदं सत्यानन्द मयं सदाशिवमयं ज्योतिर्मयं शाश्वतम् ॥७५॥
गणेशं च विधिं विष्णुं शिवं जीवं गुरुं ततः ॥ व्यापकं च परं ब्रह्म क्रमाच्चक्रेषु चिंतयेत् ॥७६॥
एकविंशत्सहस्राणि षट्शतान्यधिकानि च ॥ अहोरात्रेण श्वासस्य गतिः सूक्ष्मा स्मृता बुधैः ॥७७॥
हकारेण बहिर्याति सकारेण विशेत्पुनः ॥ हंसो हंसेति मंत्रेण जीवो जपति तत्वतः ॥७८॥
षट्शतं गणनाथाय षट्सहस्रं तु वेधसे ॥ षट्सहस्रं च हरये षट्सहस्रं हराय च ॥७९॥
जीवात्मने सहस्रं च सहस्रं गुरवे तथा ॥ चिदात्मने सहस्रं च जपसंख्यां निवेदयेत् ॥८०॥
एतांश्चक्रतान्ब्रह्म मयूखान्मुनयोऽमरान् ॥ सत्संप्रदायवेत्तारश्चितयंत्यारुणादयः ॥८१॥

पुरुषोए कहेलुं छे ॥७७॥ श्वास हकार वर्ण रुपे नीकळे छे अने सकार वर्ण रुपे शरीरमां पाछो पेसे छे, ए प्रकारनां श्वास व्यायामथी जीव हंस हंस ए मंत्रनो जप करे छे. ॥७८॥ ए रीतनो एकंदर जपने पेटे गणपतिने, छ हजार ब्रह्मदेवने, छ हजार विष्णुने तथा एटला ज शिवने ॥७९॥ एक हजार जीवने, एक हजार गुरुने तथा हजार चिदात्माने, ए रीते उपसंख्या जाणवी. ॥८०॥ ए सकल ब्रह्मनो अंश छे; माटे सत्संप्रदायथी ए देवोनुं विद्वान् पुरुषोए चिंतन करवुं. ॥८१॥

शुक्रादि ऋषिओ पण पोतपोतामा शिष्योने एवा प्रकारनो उपदेश करे छे. माटे ए मोटाओनी प्रवृत्ति आपणे जाणीने अनुसरवुं. ॥८२॥ प्रथम भगवानननी मानसपूजा करवी, पछी एकाग्र अंतःकरणथी गुरुपदेशपूर्वक अजपा गायत्रीनो जप करवो. ॥८३॥ पछी हजार पांखडीवाळा ब्रह्मरंध्रने लगता अधोमुख कमळमां हंस शब्द वाच्य श्रीगुरुनुं ध्यान करवुं, ते एवी रीते के, जे गुरुए पोतानो अभय आपनारो हाथ उचो कर्यो छे. ॥८४॥ पछी तेमना चरणने लगतां अमृतधाराथी आपणो देह शुद्ध थयो छे, एवुं ध्यान करवुं, पछी तेमनी पंचोपचारोवडे मानसपूजा करीने, तथा स्तुति करीने, तेमने नमस्कार

शुक्रादयोऽपि मुनयः शिष्यानुपदिशंति च ॥ अतः प्रवृत्तिं महतां ध्यात्वा ध्यायेत्सदा बुधः ॥८२॥
कृत्वा च मानसीं पूजां सर्वचक्रेष्वनन्यधीः ॥ ततो गुरूपदेशेन गायत्रीमजपां जपेत् ॥८३॥
अधोमुखे ततो रन्ध्रे सहस्रदलपंकजे ॥ हंसगं श्रीगुरुं ध्यायेद्वराभयकरांबुजम् ॥८४॥
क्षालितं चिंतयेद्देहं तत्पदामृतधारया ॥ पंचोपचारैः संपूज्य प्रणमेत्तत्स्तवेन च ॥८५॥
ततः कुंडलिनीं ध्यायेदारोहादवरोहतः ॥ षट्चक्रकृतसंचारां सार्धत्रिवलयां स्थिताम् ॥८६॥
ततो ध्यायेत्सुषुम्नाख्यं धाम रंध्राद्बहिर्गतम् ॥ तथा तेन गता यांति तद्विष्णोः परमं पदम् ॥८७॥
ततो मच्चिंतितं रूपं स्वयंज्योतिः सनातनम् ॥ सदानंदं सदा ध्यायेन्मुहूर्ते ब्राह्मसंज्ञके ॥८८॥

करवा, ॥८५॥ पछी आरोह एवा (चड उतरना) षट्चक्रमां संचार करनारी कुंडलीनुं ध्यान करवुं ॥८६॥ पछी सुषुम्ना नामना तेजनुं ध्यान करवुं, के जे करे तो विष्णुना परम पदने पामे छे. ॥८७॥ भगवान गरुडने कहे छे, पछी जे रूपथी हुं चिंतन करुं छुं, ते रूपनुं ब्रह्ममुहूर्त वखते निरंतर ध्यान करवुं. ते एम के, जे रुप रत्नप्रकाश छतां सदानंदात्मक तथा सनातन छे. ॥८८॥



१७२

ए रीतनां सकल कृत्य गुरुना उपदेशथी करीने, पोतानुं मन निश्चळ करवुं, केवल आपणी ज कल्पनाथी ए काम करवु नहि करे तो ते थकी फरीथी संसार ज प्राप्त थवानो, मोक्ष थनार नहि. ॥८९॥ ए रीते प्रथम मानसपूजा करीने, पछी उपरथी विराजमान हरि तथा शिवनी प्रतिमाओनुं स्नानसंध्यापूजन करवुं ॥९०॥ पोताना हृदयमां ब्रह्मदृष्टि थवानुं देहाभिमानी मनुष्यने बनतुं नथी; माटे तेणे अति सुलभ छतां, मोक्ष आपनारी मारी भक्ति ज करवी, ॥९१॥ तप तथा योग वगेरे मोक्ष आपनारो मार्ग, कदापि अनंत छे, तो पण संसारी जनोने मारी भक्तिनो मार्ग अति सुलभ छे ॥९२॥ सर्वज्ञ ब्रह्मादि देवोए

एवं गुरुपदेशेन मनो निश्चलतां नयेत् ॥ न तु स्वेन प्रयत्नेन तद्विना पतनं भवेत् ॥८९॥
अंतर्यागं विधायैवं बहिर्यागं समाचरेत् ॥ स्नानसंध्यादिकं कृत्वा कुर्याद्धरिहरार्चनम् ॥९०॥
देहाभिमानिनामंतर्मुखी वृत्तिर्न जायते ॥ अतस्तेषां तु मद्भक्तिः सुकरा मोक्षदायिनी ॥९१॥
तपोयोगादयो मोक्षमार्गाः संति तथापि च ॥ समीचीनस्तु मद्भक्तिमार्गः संसरतामिह ॥९२॥
ब्रह्मादिभिश्च सर्वज्ञैरयमेव विनिश्चितः ॥ त्रिवारं वेदशास्त्राणि विचार्य च पुनः पुनः ॥९३॥
यज्ञादयोऽपि सद्धर्माश्चित्तशोधनकारकाः ॥ फलरूपा च मद्भक्तिस्तां लब्ध्वा नावसीदति ॥९४॥
एवमाचरणं तार्क्ष्य ! करोति सुकृती नरः ॥ संयोगेन च मद्भक्त्या मोक्षं याति सनातनम् ॥९५॥
॥इति श्रीगरुडपुराणे सारोद्धारे सुकृतिजनजन्माचरणनिरूपणं नाम पंचदशमोऽध्यायः ॥१५॥

पण वेदशास्त्रोनो विचार करीने, सर्वने वारंवार उपरनो भक्तिमार्ग बतावेलो छे, ॥९३॥ कदापि यज्ञादि धर्म उत्तम छे, तो पण ते केवळ अंतःकरणने ज पवित्र करनारो छे, अने मारी भक्ति तो फलरुप छे, के जे सिद्ध थाय एटले प्राणी कोइपण प्रकारनो क्लेश पामे नहि. ॥९४॥ ए रीतना आचरण जे पुण्यवान् माणस करे छे, ते योगबल तथा मारी भक्तिथी सनातन मोक्षपदने पामे छे. ॥९५॥

इति श्री गरुडपुराणे सारोद्धारे सुकृतिजनजन्माचरणनिरुपणो नाम सार्थ पंचदशमोऽध्यायः ॥१५॥

॥ अथ षोडशमोऽध्यायः ॥

गरुडजी भगवानने प्रश्न पूछे छेः हे भगवान् ! हे दयानिधि ! जीवने अज्ञानथी जे संसृति प्राप्त थाय छे, ते में आपने मुखेथी श्रवण करी, हवे आप मने सनातन मोक्षोपाय कथन करो. ॥१॥ हे भगवन् ! सकल देवोमां श्रेष्ठ ! हे शरणागतवत्सल ! सकल दुःखोथी युक्त छतां, निरर्थक संसारमां, ॥२॥ नानाप्रकारनां शरीर धारण करनारा अनंत जीवोना समुदाय उत्पन्न थाय छे तथा मरण पण पामे छे, तेनो अंत नथी. ॥३॥ ए सर्व जीवो निरंतर दुःखी छे, संसारमां होवा छतां, सुखी होय एवो कोइ ज नथी

## ॥ अथ षोडशमोऽध्यायः ॥

गरुड उवाचः—

श्रुता मया दयासिंधो ! ह्यज्ञानाज्जावसंसृतिः ॥ अधुना श्रोतुमिच्छामि मोक्षोपायं सनातनम् ॥१॥
भगवन्देवदेवेश शरणागतवत्सल ॥ असारे घोरसंसारे सर्वदुःखमलीमसे ॥२॥
नानाविधशरीरस्था अनंता जीवराशयः ॥ जायंते च म्रियंते च तेषामंतो न विद्यते ॥३॥
सदा दुःखातुरा एव न सुखो विद्यते क्वचित् ॥ केनोपायेन मोक्षेश ! मुच्यंते वद मे प्रभो ! ॥४॥

श्री भगवानुवाचः—

श्रृणु तार्क्ष्य ! प्रवक्ष्यामि यन्मां त्वं परिपृच्छसि ॥ यस्य श्रवणमात्रेण संसारान्मुच्यते नरः ॥५॥
अस्ति देवः परब्रह्मस्वरूपी निष्फलः शिवः ॥ सर्वज्ञः सर्वकर्ता च सर्वेशो निर्मलोऽद्धयः ॥६॥

माटे हे मोक्षेश ! हे प्रभु ! आ जीव कया साधनथी मुक्त थशे ? ते मने कहो. ॥४॥ गरुडनुं एवुं भाषण सांभळी, तेमने भगवान कहे छेः हे गरुड ! तमे मने जे पूछयुं ते हुं तमने कहुं छुं, के जे सांभळवाथी मनुष्य संसारदुःख थकी मुक्त थाय ॥५॥ हे गरुड ! ईश्वर परब्रह्म स्वरुपी छे, जे निष्फळ, सर्वज्ञ सर्वना कर्ता, सर्वना नियंता, निर्मळ, अद्वितीथ शिवरूपी. ॥६॥

स्वयं ज्योति, आद्यंत, शून्य, निर्विकार, ब्रह्मादिकथी श्रेष्ठ, निर्गुण तथा सच्चिदानंदरुपी छे, तेम छतां सर्व जीव मात्र तेमना ज अंश छे. ॥७॥ ए सर्वे जीवो, अविद्यायुक्त ब्रह्मथकी अग्निना तणखलानी पेठे उत्पन्न थइने, अनादि देहादि उपाधिओथी बंधाएलां कर्मोमां फसाई पडेला छे. ॥८॥ ए जीवो सुख तथा दुःख देनारां कर्मोथी युक्त थइ अनंत जातिमांना देहमां प्रवेशित थइने, अनंत ठेकाणे भोगो तथा कर्मोना उपभोग ले छे. ॥९॥ हे गरुड ! जीवोने मोक्ष प्राप्त थतां लगी प्रत्येक जन्ममां भोग्य पदार्थ प्राप्त थाय छे, तथा अति सूक्ष्म लिंग शरीर पण त्यांसुधी रहे छे. ॥१०॥ स्थावर, कृमि, पक्षी, पशु, मनुष्य, धार्मिक

स्वयंज्योतिरनाद्यंतो निर्विकारः परात्परः ॥ निर्गुणः सच्चिदानंदस्तदंशाज्जीवसंज्ञकः ॥७॥
अनाद्यविद्योपहताद्यथाग्नौ विस्फुलिंगकाः ॥ देहाद्युपाधिसंभिन्नास्ते कर्मभिरनादिभिः ॥८॥
सुखदुःखपदैः पुण्यपापरूपैर्नियंत्रिताः ॥ तत्तज्जातियुतं देहमायुर्भोगं च कर्मजम् ॥९॥
प्रतिजन्म प्रपद्यंते तेषांमपि परं पुनः ॥ सुसूक्ष्मलिंगशारीरममोक्षादक्षरं खग ! ॥१०॥
स्थावराः कृमयश्चाजाः पक्षिणः पशवो नराः ॥ धार्मिकास्त्रिदशास्तद्वन्मोक्षिणश्च यथाक्रमम् ॥११॥
चतुर्विधशरीराणि धृत्वा मुक्त्वा सहस्रशः ॥ सुकृतान्मानवो भूत्वा ज्ञानी चेन्मोक्षमाप्नुयात् ॥१२॥
चतुरशीतिलक्षेषु शरीरेषु शरीरिणाम् ॥ न मानुषं विनान्यत्र तत्त्वज्ञानं तु लभ्यते ॥१३॥
अत्र जन्मसहस्राणां सहस्रैरपि कोटिभिः ॥ कदाचिल्लभते जंतुर्मानुष्यं पुण्यसंचयात् ॥१४॥

देव अने मोक्ष प्राप्त थवा योग्य. ॥११॥ ए सर्व अनुक्रमे चार प्रकारनां शरीर धारण करीने, पुण्यमार्गे हजारो जीव, मनुष्य शरीर धारण करे छे, मनुष्यदेहमां छतां, कदापि तेमांना कोइ ज्ञान संपादान करे, तो ते मुक्त थाय छे. ॥१२॥ जीव चोराशी लक्ष योनियोमां फरे छे तथापि मानुषत्व प्राप्त थया सिवाय तत्वज्ञान प्राप्त थतुं नथी. ॥१३॥ कदापि बीजी कोटयावधि योनियोमां कोटयावधि वखत जन्म ले तो पण अति पुण्य संचयथी ज जीवने मानवत्व प्राप्त थाय छे. ॥१४॥

अति दुर्लभ मानवनो जन्म मोटा पुण्यथी प्राप्त थाय, तो ते मोक्षस्थानकनी नीसरणी जाणवी, एवो मनुष्यदेह प्राप्त थया छतां, जे पोतानो उद्धार करतो नथी, ते अति पातकी जाणवो. ॥१५॥ मानव जन्ममां पण अति उत्तम ब्राह्मण कुळमां जन्म प्राप्त थया छतां, सकळ इंद्रियोथी युक्त छतां, जे पोतानुं हित संपादन करतो नथी, ते ब्रह्मघातक जाणवो. ॥१६॥ देह सिवाय बाइपण जातिना पुरुषार्थनुं साधन थतुं नथी, माटे सर्व प्रयत्नोथी देहरूपी धननुं रक्षण करीने, पुण्यकर्मनुं साधन करवुं. ॥१७॥ जे देह छे, ते सकल पुरुषार्थोनुं पात्र छे; माटे तेनुं सर्वकाल सर्व प्रकारे रक्षण करवुं; कारण के, जीवतो होय,

सोपानभूतं मोक्षस्य मानुष्यं प्राप्य दुर्लभम् ॥ यस्तारयति नात्मानं तस्मात्पापतरोऽत्र कः ॥१५॥
नर प्राप्योत्तमं जन्म लब्ध्वा चेंद्रियसौष्ठवम् ॥ न वेत्त्यात्महितं यस्तु स भवेद्ब्रह्मघातकः ॥१६॥
विना देहेन कस्यापि पुरुषार्थो न विद्यते ॥ तस्माद्देहं धनं रक्षेत्पुण्यकर्माणि साधयेत् ॥१७॥
रक्षयेत्सर्वदात्मानमात्मा सर्वस्य भाजनम् ॥ रक्षणे यत्नमातिष्ठेज्जीवन्भद्राणि पश्यति ॥१८॥
पुनर्ग्रामः पुनः क्षेत्रं पुनर्वित्तं पुनर्गृहम् ॥ पुनः शुभाशुभं कर्म न शरीरं पुनः पुनः ॥१९॥
शरीररक्षणोपायाः क्रियंते सर्वदा बुधैः ॥ नेच्छंति च पुनस्त्यागमपि कुष्ठादिरोगिणः ॥२०॥
तद्गोपितं स्याद्धर्मार्थं धर्मो ज्ञानार्थमेव च ॥ ज्ञानं नु ध्यानयोगार्थमचिरात्प्रविमुच्यते ॥२१॥

तो ते सर्व प्रकारना कल्याणने देखे. ॥१८॥ ग्राम, क्षेत्र, चित्त, गृह तथा शुभाशुभ नष्ट थाय, तो फरीथी आवी मळवानो संभव छे; परंतु शरीर जाय ते फरीथी तेवुं ने तेवुं ज प्राप्त थतुं नथी. ॥१९॥ जे माणस विचारवान छे, ते शरीरना रक्षण बाबत उपाय करे छे. कारण के ते एटलुं प्रिय छे के, कोढ वगेरे रोगथी पूर्ण दुःखी होय, तो पण कोइ पुरुष शरीरना त्याग बाबत इच्छा करतो नथी, ॥२०॥ शरीरनुं रक्षण करवाथी धर्म संपादन करी शकाय छे, धर्मथकी ज्ञान, ज्ञानथकी ध्यान अने ध्यानथकी मोक्ष प्राप्त थाय छे. ॥२१॥



१७५

दुष्कर्म तथा शत्रु थकी जो आपणे आपणुं रक्षण न करीए, तो बीजो कोण रक्षण करशे ? ॥२२॥ आ मानवशरीर प्राप्त थया छतां; जे नरकरूपी व्याधिनी चिकित्सा करे नहि, ते बीजी अज्ञान योनीमां जइने त्यां शुं करशे. ॥२३॥ वाघणनी पेठे घडपण भय बतावनारुं छे, आयुष्य घडामांथी जेम जळ वहे छे, तेम क्षीण थनारुं छे, रोग ए शत्रुनी पेठे क्लेश आपनारो छे, माटे मनुष्ये अति त्वरा करीने, पूर्वबय ( जुवानी )मां ज श्रेय संपादन करवुं. ॥२४॥ ज्यांसुधी कोइपण प्रकारनुं दुःख प्राप्त थयुं न होय, ज्यांसुधी आपत्ति थइ न होय तथा ज्यांसुधी इंद्रियोने वैकल्प ( विकलता ) प्राप्त थइ न होय त्यांसुधी-

आत्मैव यदि नात्मानमहितेभ्यो निवारयेत् ॥ कोऽन्यो हितकरस्तस्मादात्मानं तारयिष्यति ॥२२॥
इहैव नरकव्याधेश्चिकित्सां न करोति यः ॥ गत्वा निरौषधं देशं व्याधिस्थः किं करिष्यति ॥२३॥
व्याघ्रीवास्ते जरा चायुर्याति भिन्नघटांबुवत् ॥ निघ्नंति रिपुवद्रोगास्तस्माच्छ्रेयः समभ्यसेत् ॥२४॥
यावन्नाश्रयते दुःखं यावन्नायांति चापदः ॥ यावन्नेंद्रियवैकल्यं तावच्छ्रेयः समभ्यसेत् ॥२५॥
यावत्तिष्ठति देहोऽयं तावत्तत्त्वं समभ्यसेत् ॥ संदीप्ते को नु भवने कूपं खनति दुर्मतिः ॥२६॥
कालो न ज्ञायते नानाकार्यैः संसारसंभवैः ॥ सुखं दुखं जनो हंत न वेत्ति हितमात्मनः ॥२७॥

मां ज श्रेय ( धारेली कामना ) संपादन करवुं, ॥२५॥ ज्यांसुधी देह सशक्त ( शक्तिवाळो ) छतां सघळी इंद्रियोथी युक्त छे, त्यांसुधी ज तत्त्वाभ्यास करवो. ॥२६॥ ए सामग्री नष्ट थाया पछी कोइपण प्रकारनुं साधन थतुं नथी, ते बाबत दृष्टांत–जेम घर बळवा मांड्या पछी कूवो खोदाववो नकामो छे, तेम ए पण थवुं, एवुं स्वहित जाणवा छतां पण केवल सुख तथा दुःख ज जाणे छे. ॥२७॥

सर्व प्राणी जन्मे छे, मरे छे तथा अनेक प्रकारना क्लेश भोगवे, छे; एवुं जोया छतां पण आ सकल लोक मोहरूपी मद्य-पान करीने, ए सर्वे दुःखद बनावोनो कदी पण भय गणता नथी. ॥२८॥ संपत्ति स्वप्न समान छे, तारुण्य ( जवानी ) फूलनी पेठे सुकुमार छे, आयुष्य विद्युत–( वीजळी ) नी पेठे अति चंचळ छे; एवुं सर्वे मनुष्यो देखे छे तेम छतां धैर्य कोने प्राप्त थनार छे ? ॥२९॥ मनुष्योनुं जिवितव्य अतिअल्प छे, बहु आयुष्य होय तो सो वर्ष जाणवां, तेमांथी अर्धुं आयुष्य निद्रा तथा आलसमां क्षय पामे छे तथा केटलुंक आयुष्य बाल्यावस्था तथा रोगादिकथी क्षय पामे छे, तेम छतां पण सहज शेष रहे तो ते व्यर्थ व्यापारथी क्षीण थाय छे. ॥३०॥ जेनो प्रारंभ करवा योग्य छे एवा मोक्षकम बाबत निरुद्योगी होय छे. जे ब्रह्मचिंतन

जातानार्तान्मृतानापद्ग्रस्तान्दृष्ट्वा च दुःखितान् ॥ लोको मोहसुरां पीत्वा न बिभेति कदाचन ॥२८॥
संपदः स्वप्नसंकाशा यौवनं कुसमोपमम् ॥ तडिच्चपलमायुष्यं कस्य स्याज्जानतो धृतिः ॥२९॥
शतं जीवितमत्यल्पं निद्रालस्यैस्तदर्धकम् ॥ बाल्यरोगजरादुःखैरल्पं तदपि निष्फलम् ॥३०॥
प्रारब्धव्ये निरुद्योगो जागर्तव्ये प्रसुप्तकः ॥ विश्वस्तव्यो भयस्थाने हा नरः को न हन्यते ॥३१॥
तोयफेनसमे देहे जीवेनाक्रम्य संस्थिते ॥ अनित्यप्रियसंवासे कथं तिष्ठति निर्भयः ॥३२॥
अहिते हितसंज्ञः स्यादध्रुवे ध्रुवसंज्ञकः ॥ अनर्थे चार्थविज्ञानः स्वमर्थं यो न वेत्ति सः ॥३३॥

कर्म विषे जागृत होवी जोइए. ते विषे निद्रित होय छे; वळी जे भयस्थान ते विषे विश्वस्त ( भरोसे रहेला ) होय छे, एवी रीते चालनारो कयो प्राणी नाश नहि पामे ? ॥३१॥ जीवयुक्त देह पाणी परना परपोटा प्रमाणे क्षणिक तथा सकल प्रिय वस्तुओ पण अनित्य छतां, तेमां निर्भयपणाथी मन शी रीते स्थिरता करे छे ? ॥३२॥ अहित, बाबत हितयुक्त थाय छे, क्षणिक देह छतां ते पण नित्यपणानो भरोंसो राखे छे, के जे थकी अनेकविध अनर्थ प्राप्त थाय छे, असार द्रव्यपर अर्थबुद्धि करे छे, अने आत्मज्ञानरूप जे अर्थ संपादन करवानो ते विषे ज्ञानशून्य होय छे. ॥३३॥

ईश्वरनी मायानुं सामर्थ्य एवुं छे, के आत्मज्ञान थकी मोक्ष थाय छे, एम जाणवा छतां पण ते बाबत यत्नशून्य होय छे, वळी उपनिषदादि मुखथी पठन करवा छतां पण मांहेनो तात्पर्य जाणता नथी. ॥३४॥ मृत्यु, रोग तथा जरा (घडपण) ए ज कोइपण जळमांना प्राणीयुक्त गंभीर समुद्रमां घणा काळ सुधी डूबवा छतां पण स्वहित जाणतो नथी. ॥३५॥ काळ प्रतिक्षणे क्षय पामनारो छे तेम छतां, तेनी गतिनुं ज्ञान थतुं नथी, जेम काचा माटलामांथी पाणी झमी जाय छे, तेम काल पण थोडे थोडे वही जाय छे. ॥३६॥ वायुने वींटी लेवानुं. आकाशने खंडित करवानुं तथा पाणीपरना तरंगोने एकठा करवानुं

पश्यन्नपि प्रस्खलति श्रृण्वन्नपि न बुद्ध्यति ॥ पठन्नपि न जानाति देवमायाविमोहितः ॥३४॥
तन्निमज्ज्ज्जगदिदं गंभीरे कालसागरे ॥ मृत्युरोगजराग्राहैर्न कश्चिदपि बुध्यते ॥३५॥
प्रतिक्षणमयं कालः क्षीयमाणो न लक्ष्यते ॥ आमकुंभ इवांभस्थो विशीर्णो न विभाव्यते ॥३६॥
युज्यते वेष्टनं वायोराकाशस्य च खंडनम् ॥ ग्रथनं च तरंगाणामास्थानायुषि युज्यते ॥३७॥
पृथिवी दह्यते येन मेरुश्चापि विशीर्यते ॥ शुष्यते सागरजल शरीरस्य च का कथा ॥३८॥
अपत्यं मे कलत्रं मे धनं मे बांधवाश्च मे ॥ जल्पंतमिति मर्त्याजं हंति कालवृको बलात् ॥३९॥
इदं कृतमिदं कार्यमिदमन्यत्कृताकृतम् ॥ एवमीहासमायुक्तं कृतांतः कुरुते वशम् ॥४०॥

कदापि ते बनी शकवानुं संभवे छे, परंतु मृत्युनुं निवारण करवानुं संभवनार नथी. ॥३७॥ काळना योगे पृथ्वी दग्ध थाय छे, मेरुपर्वत खळभळी जाय छे तथा समुद्र सुकाइ जाय छे, त्यारे आयुष्य नष्ट थाय, एमां संदेह शो जाणवो? ॥३८॥ आ मारी संतति, आ मारी स्त्री, आ मारुं धन तथा आ मारा बांधवा एवुं भाषण करनारा मनुष्यरूपी बकराने वरु (नाहर) बलात्कारथी मारे छे. ॥३९॥ आ में कर्युं, आ मारुं कर्तव्य छे तथा आ कृत्य थकी बीजुं छे, ए रीतनी अनेकविध चेष्टाओथी व्याकुल थएला जनने पण कृतांत (यम) पोताने स्वाधीन करे छे. ॥४०॥

ए रीते मृत्यु पासे छे माटे माणसे बीजे दिवसे करवानुं ते पहेले दिवसे ज करवुं, वळी जे मध्यान्हे करवानुं ते तेना पहेलां ज करवुं, कारण के, मृत्यु कृताकृतनी वाट न जोतां, अकस्मात् प्राप्त थाय छे. ॥४१॥ हे जीव ! जरा (घडपण) देखाडनारा आयुष्यरूपी मार्गने विषे व्याधीरूपी सैन्यवाळा मृत्युरूप शत्रुथी घेरावानो छुं, एम जाण्या छतां, तुं पोताना परमात्माने केम देखतो नथी ?॥४२॥ तृष्णारूपी सोयामां परोवाइ, विषयरूपी घृतथी तळाइ, रागद्वेषरूपी अग्नि पर पक्व थनारा मनुष्यने मृत्यु भक्षण करे छे. ॥४३॥ बाळ, तरुण, वृद्ध, तथा उदरमांनां गर्भने मृत्यु प्राप्त थाय छे, तथा आ सकल जगत

श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ॥ नहि मृत्युः प्रतीक्षेत कृतं वाप्यथवाऽकृतम् ॥४१॥
जरादर्शितपंथानं प्रचंडव्याधिसैनिकम् ॥ मृत्युशत्रुप्रधिष्ठोऽसि त्रातारं किं न पश्यसि ॥४२॥
तृष्णासूचीविनिर्भिन्नं सिक्तं विषयसर्पिषा ॥ रागद्वेषानले पक्वं मृत्युरश्नाति मानवम् ॥४३॥
बालांश्च यौवनस्थांश्च वृद्धान्गर्भतानपि ॥ सर्वाविनाशते मृत्युरेवंभूतमिदं जगत् ॥४४॥
स्वदेहमपि जीवोऽयं मुक्त्वायाति यमालयम् ॥ स्त्री मातृपितृपुत्रादिसंबंधः केन हेतुना ॥४५॥
दुःखमूलं हि संसारः स यस्यास्ति स दुःखितः ॥ तस्य त्यागः कृतो येन स सुखी नापरः क्वचित् ॥४६॥
प्रभवं सर्वदुःखानामालयं सकलापदाम् ॥ आश्रयं सर्वपापानां संसारं वर्जयेत्क्षणात् ॥४७॥

मृत्युयुक्त छे. ॥४४॥ आ जीव अति प्रिय देहनो त्याग करीने, यमालय ( यमपुरी ) मां जाय छे, तो पछी तथा ओछी प्रियताथी संबंध राखनारा स्त्री, पुत्र, माता तथा पितानो संबंध नष्ट थाय, एमां कांइपण आश्चर्य नथी. ॥५५॥ सकल संसार दुःखनुं मूल छे, ज्यांसुधी संसारवासना रहे, त्यांसुधी दुःखी जाणवो, जेणे संसारनो त्याग कर्यो छे, ते ज सुखी; बीजो सुखी नथी. ॥४६॥ जे संसार छे, ते सकल दुःखोनुं उत्पत्ति स्थान छतां, सकळ आपत्तिओनुं पण स्थान छे, तेमज सकल पापोनुं आश्रय स्थान छे, माटे तेनो तत्काल त्याग करवो. ॥४७॥



२८०

कदापि कोइ पुरुष लक्कड के लोह समाननां दृढ पापोथी बंधाएलो होय, तो पण ते मुक्त थाय छे; परंतु स्त्री तथा पुत्र तरफनी ममतारुपी पाशथी बंधाएलो पुरुष, कदी पण छूटतो नथी. ॥४८॥ आ जीव, अंतकरणने जे जे वस्तुओ प्रिय लागे ते ते तरफ प्रीति राखे छे, परंतु ते परिणामे हृदयमां लोढाना खीला समान सालनार थइ पडे छे. ॥४९॥ सकल कर्तव्य कर्मोनी इच्छाओ राखनार शरीरमांनी इंद्रियोरुपी तस्करथी, सकल लोक फसाइ गया छे, ए दुःखनी शी वात कहेवी. ॥५०॥ लोढानी अंकोडी-(गळ) ने मांसना कडकामां परोवी, ए अंकोडीने पाणीमां नांखे, एटले माछलुं मात्र मांसने ज देखे छे, अंकोडाने

लोहदारुमयैः पाशैः पुमानबद्धो विमुच्यते ॥ पुत्रदारमयैः पाशैर्मुच्यते न कदाचन ॥४८॥

यावंतः कुरुते जंतुः संबंमनसः प्रियान् ॥ तावंतोऽस्य निखन्यने हृदये शोकशंकवः ॥४९॥

वंचिताशेषवित्तैर्नित्यं लोको विनाशितः ॥ हा हंत विषयाहारैर्देहस्थेंद्रियतस्करैः ॥५०॥

मांसलुब्धो यदा मत्स्यो लोहशंकु न पश्यति ॥ सुखे लुब्धस्तथा देही यमबाधां न पश्यति ॥५१॥

हिताहितं न जानंतो नित्यमुन्मार्गगामिनः ॥ कुक्षपूरणनिष्ठा ये ते नरा नारकाः खगः !॥५२॥

निद्रादिमैथुनहाराः सर्वेषां प्राणीनां समाः ॥ ज्ञानवान्मानवः प्रोक्तो ज्ञानहीनः पशुः स्मृतः॥५३॥

देखतुं नथी, ए रीते सुखेच्छु मनुष्य, मात्र सुख तरफ जोइने, पोताने यम लइ जवाना छे, तेनो विचार करतो नथी, ॥५१॥ जेओ मात्र उदरनुं ज पोषण करनारा छतां, कुमार्गे, चालनारा छे, तेओ पोतानुं हित तथा अहित देखता नथी, अने तेओ नरकेच्छु ज छे, एम जाणवुं, ॥५२॥ आहार, निद्रा तथा मैथुन वगेरे सकल विषयोनो संयोग प्राणी मात्रने समान छे; ज्ञान संपादान थवानो मार्ग मात्र मनुष्यजन्ममां छे, एम छतां कदापि कोइ पुरुष ज्ञान संपादान करे नहि, तो तेने केवल पशुतुल्य जाणवो. ॥५३॥

जे मनुष्य पशुतुल्य छे, ते एटलुं ज जाणे छे के, प्रातःकाळे मलमूत्रने विसर्जन करवां, मध्याह्नने अन्ननुं भक्षण करवुं तथा जल पीवुं, अने रात्रीए निद्रा तथा मैथुन करवुं. ॥५४॥ जे प्राणी अज्ञानथी मोहित छे, ते पोताना देहना पोषण विषे आसक्त छतां, धन संपादन करवुं तथा स्त्री साथे विषय संभोग करवो, एमां ज आसक्त होय छे, एवा व्यवहारने लीधे ते वारंवार जन्मोने धरे छे ॥५५॥ एवा एवा सकल अनर्थ निवारण करवा सारु देहादिकपरनी ममतानो सर्व प्रकारे परमहंसनी पेठे त्याग करवानुं बने एम न होय, तो सत्समागम करवो, कारण के साधु छे ते ज संसारदुःख परिहारनुं औषध छे. ॥५६॥ जे नर

प्रभाते मलमूत्राभ्यां क्षुत्तृड्भ्यां मध्यगे रवौ ॥ रात्रौ मदननिद्राभ्यां बाध्यंते मूढमानवाः ॥५४॥
स्वदेहधनदाहादिनिरताः सर्वजंतवः ॥ जायंते च म्रियंते च हा हंताज्ञनमोहिताः ॥५५॥
तस्मात्संगः सदा त्याज्यः सर्वस्त्यक्तुं न शक्यते ॥ महाद्भः सह कर्तव्यः संतः संगस्य भेषजम् ॥५६॥
सत्संगश्च विवेकश्च निर्मलं नयनद्वयम् ॥ यस्य नास्ति नरः सोऽधः कथं न स्यादमार्गगः ॥५७॥
स्वस्ववर्णाश्रमाचारनिरताः सर्वमानवाः ॥ न जानंति परं धर्मं वृथा नश्यंति दांभिकाः ॥५८॥
क्रियायासपराः केचिद्व्रतचर्यादिसंयुताः ॥ अज्ञानसंवृतात्मनः संचरंति प्रतारकाः ॥५९॥

कुमार्गे चालनारा छे, तेमने रस्तो देखाडनारां सत्समागम तथा विवेकरुपी बे निर्मळ नेत्र छे, तेम छतां, ते बेनो उपभोग न करे, तो अंत जाणवो. ॥ ५७॥ सर्व मनुष्य पोतपोताना वर्ण तथा आश्रमनी धर्म बाबत आसक्त छतां, अनेकविध कर्म करे छे, परंतु तेओ ते आश्रमोने लगतो मुख्य धर्म जाणता नथी, तेथी तेओ दांभिक होवाना कारणथी नाश पामे छे. ॥५८॥ केटलाक जन कर्म करे छे, तेमां देहने अनेकविध कष्ट भोगवनारा छे, तथा केटलाक अनेक विध व्रतो करनारा छे, तेमां घणुं करीने सर्वेनो तात्पर्य एटलो ज होय छे, के अमारी पेठे बीजा करे, आवा विचादवाळा दांभिक जाणवा. ॥५९॥



१८२

સ્વર્ગનું સુખ અતિ ઉત્તમ છે; એવું માત્ર સાંભળવાથી સંતુષ્ટ થઇને, તેને અર્થે કેટલાક જન અનેકવિધ કર્મો કરનારા થઇને, મંત્રોનું ઉચ્ચારણ તથા હોમાદિ ક્રિયામાં જ આસક્ત થાય છે. ॥૬૦॥ કેટલાક મૂર્ખ જન મારી માયાથી મોહિત થઈને એક વખત ખાવું તથા ઉપવાસ વગેરે શરીરને શોષણ કરનારા નિયમ ધારણ કરીને, જ્ઞાન સિવાય મોક્ષના સુખની ઇચ્છા કરે છે. ॥૬૧॥ અવિચારી તથા અજ્ઞાની છતાં માત્ર શરીરને દંડ દેવાથી, જેમ રાફડાપર પુષ્કળ પ્રહાર કરવાથી માંહેલો સર્પ મરતો નથી, તેમ મન મરીને મુક્તિ થતી નથી તો જ્ઞાન વિના સકળ ક્રિયાઓનો વ્યવહાર વ્યર્થ જાણવો. ॥૬૨॥ કેટલાક

नाममात्रेण संतुष्टाः कर्मकांडरताः नराहः ॥ मंत्रोच्चारणहोमाद्यैर्भ्रामिताः क्रतुविस्तरैः ॥६०॥

एकमुक्तोयवासाद्यैर्नियमैः कायशोषणैः ॥ मूढाः परोक्षमिच्छंति मम मायाविमोहिताः ॥६१॥

देहदंडमात्रेण का मुक्तिरविवेकनाम् ॥ वल्मीकताडनदेव मृतः कुत्रः महोरगः ॥६२॥

जटाभाराजिनैर्युक्ता दांभिका वेषधारिणः ॥ भ्रमंति ज्ञानवल्लोके भ्रामयंति जनानपि ॥६३॥

संसारसुखासक्तं ब्रह्मज्ञोऽस्मीति वादिनम्॥ कर्मब्रह्मोभयभ्रष्टं तं त्यजेदंत्जं यथा ॥६४॥

गृहारण्यसमा लोके रतव्रीडा दिगंबराः ॥ चरंति गर्दभाद्याश्च विरक्तास्ते भवंति किम् ॥६५॥

અવિચારીઓ મસ્તકપર જટાનો ભાર ધારણ કરીને તથા અંગપર કાળા હરિણનું ચર્મ પરિધાન કરીને દાંભિક વેશથી લોકોને ફસાવીને, પોતે પડવા છતાં, તેમને પણ સંસારમાં નાખે છે ॥૬૩॥ જે સંસારસુખમાં આસક્ત છતાં લોકોને કહે છે. કે હું બ્રહ્મ જાણનારો છું તો એવા પુરુષનો અંત્યજ ( ઢેડ ભંગી ) ની પેઠે ત્યાગ કરવો. ॥૬૪॥ કેટલાક ઘર તથા અરણ્યને સમાન માનનારા લજ્જાહિન દિગંબરો (નાગાઓ), પૃથ્વીપર ગર્દભાદિ પશુઓની પેઠે સંચાર કરે છે. તો તેમ કરવાથી તેમને કોઇ વિરક્ત કહેશે કે ? ॥૬૫॥

मृतिका तथा भस्ममां आळोटवाथी जो माणस मुक्त थाय तो कूतरां नित्य आळोटे छे, तेथी ते ज मुक्त थाय. ॥६६॥ तृण (घास) पांदडां तथा उदकनो आहार करवाथी जो मुक्ति थाय तो अरण्य मांहेनां शियाल, उंदर तथा हरिण वगेरे ए ज पदार्थोनो आहार करे छे तो तेओ ज मुक्त थाय. ॥६७॥ जन्मथी मरण सुधी गंगादि तीर्थोना तटपर वास करनारां देडका तथा माछलां वगेरे हजारो प्राणीओ छे. परंतु तेओने कोइ योगी कहेशे के ! ॥६८॥ पारेवां (कबूतर), शिलवृत्ती–(खेडूत खेतरमांथी धान्य लीधा पछी जमीनपर सहज रही गयेला कण एकठा करीने ते पर जीविका निभाववी ते) थी जीवन पामे छे, तथा

मृद्भस्मोद्धूलनादेव मुक्ताः स्युर्यदि मानवाः ॥ मृद्भस्मवासी नित्यं श्वास किं मुक्तो भविष्यति ॥६६॥
तृणपर्णोदकाहाराः सततं वनवासिनः ॥ जंबूकाखुमृगाद्याश्च तापसास्ते भवंति किम् ॥६७॥
आजन्ममरणांतं च गंगादितटिनीस्थिताः ॥ मंडूकमत्स्यप्रमुखा योगिनस्ते भवंति किम् ॥६८॥
पारावताः शिलाहाराः कदाचिदपि चातकाः ॥ न पिबंति महीतोयं व्रतिनस्ते भवंति किम् ॥६९॥
तस्मादित्यादिकं कर्म लोकरंजनकारकम् ॥ मोक्षस्य कारणं साक्षात्तत्त्वज्ञानं खगेश्वर ! ॥७०॥
षडदर्शनमहाकूपे पतिताः पशवः खगः ! ॥ परमार्थं न जानंति पशुपाशनियंत्रिताः ॥७१॥

चातक (पपैया पक्षी) कदी पण पृथ्वीपर पडेला जलनुं पान करतुं नथी, तो तेने कोइ व्रत करनारा कहेशे के ? ॥६९॥ हे गरुड ! वर्णाश्रम धर्मादि सकल कर्म केवल लोकने रंजन करवाने अर्थे छे, मोक्षनुं कारण मात्र तत्वज्ञान ज छे. ॥७०॥ दंभ रहित छतां पण कदापि शास्त्रोनुं यथार्थ ज्ञान न थयुं होय, तो ते पण शास्त्ररुपी महा कूपमां पडीने पशुनी वेठे बद्ध (कबजे) थइने मुख्य तत्त्व जाणता नथी. ॥७१॥



१६४

वेद तथा शास्त्ररुपी घोर समुद्रमां आडे आरे तणाया छतां, काम, क्रोध वगेरे षड्रिपुरुपी मगरथी मराएला छतां अति कुतर्क युक्त थइने ज रहे छे ॥७२॥ वेद, आगम तथा पुराणोने जाणनार छतां, कदापि परमार्थ तत्त्वने जाणतो न होय, तो तेनुं सर्व भाषण कागडाना भाषण समान जाणवुं. ॥७३॥ घणुं करीने सकल जननी साथे ते बाबत प्रतिकूल (उलटा मतनो) छतां, आ में जाण्युं तथा आ मारे जाणवुं घटे छे एवा चिंतनमां व्याकुल होय छे. ॥७४॥ वाक्य, छंद, निबंध, काव्य तथा अलंकार वगेरेथी कदापि शोभित होय, तो पण तत्वज्ञान न होवाने लीधे, ते पुरुष चिंताग्रस्त छतां, व्याकुलेंद्रियवाळो थइने

वेदशास्त्रार्णवे घोरे ऊह्यमाना इतस्ततः ॥ षड्मिनिग्रहग्रस्तांस्तिष्ठंति हि कुतार्किकाः ॥७२॥
वेदागमपुराणज्ञः परमार्थं न वेत्ति यः विडंबकस्य तस्यैव तत्सर्वं काकभाषितम् ॥७३॥
इदं ज्ञानमिदं ज्ञेयमिति चिंतासमाकुलाः ॥ पठंत्यहर्निशं शास्त्रं परतत्त्वपराङ्मुखाः ॥७४॥
वाक्यच्छन्दोनिबन्धेन काव्यालंकारशोभिताः॥ चिंतया दुःखिता मूढास्तिष्ठंति व्याकुलेंद्रियाः॥७५॥
अन्यथा परमं तत्त्वं जनाः क्लिश्यंति चान्यथा ॥ अन्यथा शास्त्रसद्भावो व्याख्यां कुर्वंति चान्यथा ॥७६॥
कथयंत्युन्मनीभावं स्वयं नानुभवंति च ॥ अहंकाररताः केचिदुपदेशादिवर्जिताः ॥७७॥
पठंति वेद्शास्त्राणि बोधयंति परस्परम् ॥ न जानंति परं तत्त्वं दर्वी पाकरसं यथा ॥७८॥

रहे छे. ॥७५॥ गुरुना उपदेश विना केवल कुतर्कथी ज परमतत्त्व जाणवानी इच्छा करे छे, ते अति क्लेश पामे छे; वळी तेना समजवामां शास्त्रोनो भावार्थ अवळो आवे छे तथा तेनी व्याख्या पण विपरीत (उलटी) करे छे. ॥७६॥ केटलाक वांचनारा बीजाओनो अनुभव न लेतां, बीजाओने उपदेश करे छे. ॥७७॥ केटलाक वेदशास्त्रोनुं पठन करीने, परस्पर उपदेश पण करे छे, परंतु परमतत्त्व जाणता नथी, ते एम के जेम अनेक प्रकारना भोजनोमां रहेनारी कडछी कोईपण भोजनना स्वादने जाणती नथी तेम. ॥७८॥

माथुं पुष्पोने धारण करे छे, परंतु तेनी सुगंध नाक ग्रहण करे छे, तेम वेदशास्त्रा भणे छे ते सारांश न समजता, कोक ज समजे छे. ॥७९॥ आत्महृदयगत छतां तेनुं ज्ञान थवा सारु जे मूर्ख शास्त्रो भणीने तेमां मोह पामे छे. ते जेम एकादो बकरांनो गोवाळ, पोतानी बगलमां बकरानुं बच्चुं छतां, कूआमां जुए छे तेम जाणवुं. ॥८०॥ आत्मसाक्षात्कार (देवताइ चमत्कार) न छतां, मात्र शब्दजन्य ज्ञान थाय, तो ते ज्ञानथी संसारजन्य मोह नाश पामतो नथी, जेमके, केवल दीपकनी कथा करे, पण ते थकी अंधकारनो नाश थतो नथी तेम ॥८१॥ बुद्धिहिन पुरुषनुं शास्त्रपठन व्यर्थ छे, जेम के, आंधळो पुरुष अरीसामां जुए तेम तत्वज्ञान सिवाय शास्त्रनुं पठन (भणवुं जाणवुं) व्यर्थ जाणवुं. ॥८२॥ आ जाण्युं तथा आ जाणवानुं, एवी आशाथी सर्व

शिरो वहति पुष्पाणि गंधं जानाति नासिका ॥ पठंति वेदशास्त्राणि दुर्लभो भावबोधकः ॥७९॥
तत्त्वमात्मस्थमज्ञात्वा मूढः शास्त्रेषु मुह्यति ॥ गोपः कुक्षिगते छागे कूपे पश्यति दुर्मतिः ॥८०॥
संसारमोहनाशाय शब्दबोधो नहि क्षमः ॥ न निवर्तेत तिमिरं कदाचिद्दीपवार्तया ॥८१॥
प्रज्ञाहीनस्य पठनं यथांधस्य च दर्पणम् ॥ अतः प्रज्ञावतां शास्त्रं तत्त्वज्ञानस्य लक्षणम् ॥८२॥
इदं ज्ञानमिदं ज्ञेयं सर्वं तु श्रोतुमिच्छति ॥ दिव्यवर्षसहस्रायुः शास्त्रांतं नैव गच्छति ॥८३॥
अनेकानि च शास्त्राणि स्वल्पायुर्विघ्नकोटयः ॥ तस्मात्सारं विजानीयात्क्षीरं हंस इवांभसि ॥८४॥
अभ्यस्य वेदशांस्त्राणि तत्त्वं ज्ञात्वाऽथ बुद्धिमान् ॥ पलालमिव धान्यार्थी सर्वशास्त्राणि संत्यजेत् ॥८५॥

बाबतो जाणवानो इच्छा करे छे, परंतु देवोनां हजार वर्ष गुमावे, तो पण शास्त्रोनो अंत प्राप्त थतो नथी. ॥८३॥ शास्त्रो जोईए तो अनंत छे, तेनुं अध्ययन करवानो प्रारंभ करे, पण कोटयवधि विघ्नो छे, माटे कुशळ पुरुषे तेमांनो सारांश ग्रहण करवो, जेम के, हंस दूधमांनो सार ग्रहण करीने, जळनो त्याग करे छे तेम. ॥८४॥ बुद्धिमान पुरुषे सकल शास्त्रोना अभ्यास करीने माहेनुं तत्व जाणवुं, अने बाकीना सर्व निरुपयोगीनो त्याग करवो, जेम के डांगरना अर्थवाळो डांगर कहाडी लइने, थोथनो त्याग करे छे तेम. ॥८५॥

यथाऽमृतेन तृप्तस्य नाहारेण प्रयोजनम् ॥ तत्त्वज्ञस्य तथा तार्क्ष्य ! न शास्त्रेण प्रयोजनम् ॥८६॥
न वेदाध्ययनान्मुक्तिर्न शास्त्रपठनादपि ॥ ज्ञानदेव हि कैवल्यं नान्यथा विनतात्मज ! ॥८७॥
नाश्रमः कारणं मुक्तेर्दर्शनानि न कारणम् ॥ तथैव सर्वकर्माणि ज्ञानमेव हि कारणम् ॥८८॥
मुक्तिदा गुरुवागेका विद्या सर्वा विडंबका ॥ काष्ठभारसहस्रेषु ह्येकं संजीवनं परम् ॥८९॥
अद्वैतं हि शिवं प्रोक्तं क्रियायासविवर्जितम् ॥ गुरुवक्रेण लभ्येत नाधीतागमकोटिभिः ॥९०॥
आगामोक्तं विवेकोत्थं द्विधा ज्ञानं प्रचक्षते ॥ शब्दब्रह्मागममयं परब्रह्मविवेकजम् ॥९१॥
अद्वैतं केचिदिच्छंति चापरे ॥ समं तत्त्वं न जानंति द्वैताद्वैतविवर्जितम् ॥९२॥

जे अमृतपानथी तृप्त थयो छे तेने बीजो आहार जेम निरुपयोगी छे तेम हे गरुड ! तत्त्व जाणनारा छे, तेओने बीजा शास्त्रो जाणवानी जरुर नथी. ॥८६॥ हे गरुड ! वेदाध्ययन थकी मुक्ति नथी, तेमज केवल शास्त्र पठन थकी पण मुक्ति नथी, मात्र ज्ञानथकी ज मोक्ष छे. ॥८७॥ मुक्तिने माटे ब्रह्मचर्यादि आश्रमोनुं कारण नथी, तथा बीजा छ दर्शनमांना कोइ दर्शननुं पण कारण नथी, वळी सकल कर्मो करवानुं पण कारण नथी, मुक्ति मळबाने मात्र ज्ञाननुं ज कारण जाणवुं. ॥८८॥ मुक्ति आपनारों गुरु-उपदेश मुख्य कारण छे, बीजी विद्या केवल विटंबना जाणवी, जेम के मस्तकपर अनेक जातिनां लाकडांनो भारो ले, पण तेमां संजीवनी वनस्पतिनुं काष्ठ मुख्य जाणवुं. (ए लाकढानी बरोबरी बीजु लाकडुं करी शकतुं नथी.) ॥८९॥ अद्वैतरुप जे शिवपद. ते गुरुउपदेशथी क्रिया तथा आयास (महेनत) वगर प्राप्त थाय छे, जे वस्तु गुरुउपदेशथी यत्न सिवाय प्राप्त थाय छे. ते कोटयवधि वेदाध्यन करे, तो पण प्राप्त थती नथी. ॥९०॥ परोक्ष अने अपरोक्ष एवा भेदथी ज्ञान बे प्रकारनुं छे. परोक्ष ज्ञान केवल अध्ययन थकी प्राप्त थाय छे, अने अपरोक्ष ज्ञान मात्र विचारथी ज प्राप्त थाय छे. ॥९१॥ कोइ ए ब्रह्मनी साथे जीवने अभेद माने छे, अने बीजा ए भेद माने छे. परंतु निरभिमान थइने, जे वास्तविक तत्त्व अभेदरुपी छे तेने कोइ-पण जाणता नथी. ॥९२॥

बंध अने मोक्षना बे स्थान छे, ते एवां के, विषय, विषयक, ममता धारण करी. एटले ते थकी कर्म बंधाय छे, अने ममतानो त्याग कर्यो, एटले मोक्ष प्राप्त थाय छे. ॥९३॥ जे कर्मथकी कर्मबंधन थतुं नथी, तेने कर्म कहेवुं, तेथी जे विद्या थकी मुक्ति प्राप्त थाय छे, तेणीने ज विद्या कहेवी, जे कर्मथकी बंधाय छे, ते कर्म केवळ आयास (महेनत) आपनारु जाणवुं. बीजी विद्या शिल्पचातुर्य (सलाटनी चतुराइ) समान जाणवी. ॥९४॥ ज्यांसुधी करेला कर्मनुं फल लेवानी इच्छा होय, ज्यांसुधी संसारने लगती वासना होय तथा ज्यांसुधी इंद्रियोने विषे चापल्य (अस्थिरता भ्रमणता) होय, त्यांसुधी तत्त्वज्ञाननी प्राप्ति क्यांथी ?

द्वे पदे बंधमोक्षाय न ममेति ममेति च ॥ ममेति बध्यते जंतुर्न ममेति प्रमुच्यते ॥९३॥
तत्कर्म यन्न बंधाय सा विद्या या विमुक्तिदा ॥ आयासायापरं कर्म विद्यान्या शिल्पनैपुणम् ॥९४॥
यावत्कर्माणि दीयंते यावत्संसारवासना ॥ यावदिंद्रियचापल्यं तावत्तत्त्वकथा कुतः ॥९५॥
यावद्देहाभिमानश्च ममता यावदेव हि ॥ यावत्प्रयत्नवेगोस्ति यावत्संकल्पकल्पना ॥९६॥
यावन्नो समनःस्थैर्यं न यावच्छास्त्रचिंतनम् ॥ यावन्न गुरुकारण्ये तावत्तत्त्वकथा कुतः ॥९७॥
तावत्तपो व्रतं तीर्थं जपहोमार्चनादिकम् ॥ वेदशास्त्रागमकथा यावत्तत्त्वं न विंदति ॥९८॥
तस्मात्सर्वप्रयत्नेन सर्वावस्थासु सर्वदा ॥ तत्त्वनिष्टौ भवेत्तार्क्ष्य ! यदीच्छेन्मोक्षमात्मनः ॥९९॥

॥९५॥ ज्यांसुधी देहाभिमान होय, ज्यांसुधी ममता होय; ज्यांसुधी यत्न होय ज्यांसुधी संकल्प तथा कल्पनाओ होय ॥९६॥ ज्यांसुधी अंतःकरणनुं स्थैर्य न होय, ज्यांसुधी शास्त्रनुं चिंतन न होय तथा ज्यांसुधी गुरुनी कृपा न होय त्यांसुधी तत्त्वज्ञाननी प्राप्ति क्यांथी ? ज्यांसुधी तत्त्वज्ञाननी प्राप्ति न थइ होय, त्यांसुधी तप, व्रत, तीर्थ, जप, होम, अर्चन तथा वेदशास्त्रथांनी कथा छे, ॥९८॥ हे गरुड ! जो मोक्षनी इच्छा होय तो सर्वावस्थाओमां सर्व काल तत्त्वनिष्ट रहेवुं. ॥९९॥

अध्यात्मादि विविध तापथी जे पुरुष संतप्त थयो होय, तेने उपासनारूप धर्म अने ज्ञान पुष्पो समान सुखद छे, तेम ज जेना स्पर्श अने मोक्षरूपी फलो छे, एवा मोक्षरूपी वृक्षनो आश्रय करवो. ॥१००॥ अने ज्ञानपूर्वक आत्मतत्त्व श्रीगुरुना मोढेथी जाणवुं, के जे जाणवाथी भयंकर संसाररूपी बंधन थकी जीवो अनायासे मुक्त थाय छे. ॥१०१॥ हे गरुड ! तमने तत्त्व पुरुषनुं छेवटनुं कृत्य कहुं छुं, ते सांभळो, के जे कृत्य करवाथी मनुष्य मोक्ष पामे छे. ॥१०२॥ ते एवुं के, अंतकाळ समीप भासे, एटले सकल भयनो त्याग करीने, असंगरूपी शस्त्रोथी वासना तथा देहपर प्रीति राखनारा पुत्रादिकनो

धर्मज्ञानप्रसूनस्य स्वर्गमोक्षफलस्य च ॥ तापत्रयादिसंतप्तश्छायां मोक्षतरोः श्रयेत् ॥१००॥
तस्माज्ज्ञानेनात्मतत्त्वं विज्ञेयं श्रीगुरोर्मुखात् ॥ सुखेन मुच्यते जंतुर्घोरसंसारबंधनात् ॥१०१॥
तत्वज्ञस्यांतिमं कृत्यं शृणु वक्ष्यामि तेऽधुना ॥ येन मोक्षमबाप्नोति ब्रह्मनिर्वाणसंज्ञकम् ॥१०२॥
अंतकाले तु पुरुप आगते गतसाध्वसः ॥ छिंद्यादसंगशस्त्रेण स्पृहां देहेऽनु ये च तम् ॥१०३॥
गृहात्प्रव्रजितो धीरः पुण्यतीर्थजलाप्लुतः ॥ शुचौ विविक्त आसीनो विधिवत्कल्पितासने ॥१०४॥
अभ्यसेन्मनसा शुद्धं त्रिवृद्ब्रह्माक्षरं परम् ॥ मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन् ॥१०५॥
नियच्छेद्विषयेभ्योऽक्षान्मनसा बुद्धिसारथिः ॥ मनः कर्मभिराक्षिप्तं शुभार्थे धारयेद्धिया ॥१०६॥

त्याग करवो. ॥१०३॥ अने धैर्यवान पुरुषे घरनो त्याग करीने, बहार नीकळवुं, पछी पुण्यकारक तीर्थमां स्नान करीने, पवित्र तथा एकांत प्रदेशमां यथाविधि आसन स्थापवुं ॥१०४॥ ते ठेकाणे अंतःकरणथी शुद्ध वर्ण त्रयात्म (त्रण अक्षरवाळो ॐकार) ब्रह्मबीज जपवुं, तथा जितश्वास थइने, मनन नियमन करवुं. ॥१०५॥ अने बुद्धिनी सहायताथी विषय थकी इंद्रियोनुं नियमन करवुं, वळी अनेकविध कर्मोथी विक्षिप्त थयेलुं मन ब्रह्ममां स्थिर करवुं. ॥१०६॥



१८८

ए रीते आत्मांने विषे मन स्थिर करीने, जे परमपदरूपी ब्रह्म ते हुं, एवुं चिंतन करवुं. ॥१०७॥ हे गरुड ! जे मनुष्य अंतकाले मारा स्मरणपूर्वक प्रणवात्मक ब्रह्मनुं स्मरण करतो थको देहनुं विसर्जन करे छे, ते उत्तम गतिने पामे छे. ॥१०८॥ जे पदने दांभिकजन पामतो नथी तथा ज्ञान वैराग्यथी वर्जित जन ते पण जे पदने पामता नथी एवा पदने उत्तम बुद्धिमान पामे छे. हे गरुड ! एवा बुद्धिमान कोण ? ते हुं तमने कथन करुं छुं. ॥१०९॥ जेनी पासेथी गंध तथा मोह दूर गया छे. जेणे पुत्र कलत्रादिना संगनो त्याग कर्यो छे, जे आत्मतत्त्वना विचार बाबत परिनिष्ठित छे, जेनी आशाओ सकल प्रकारनां फल

अहं ब्रह्म परं धाम ब्रह्माहं परमं पदम् ॥ एवं समीक्ष्य चात्मानमात्मन्याधाय निष्कले ॥१०७॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ॥ यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१०८॥
न यत्र दांभिका यांति ज्ञानवैराग्यवर्जिताः ॥ सुधियस्तां गतिं यांति तानहं कथयामि ते ॥१०९॥
निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ॥
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥११०॥
ज्ञानह्रदे सत्यजले रागद्वेषमलापहे ॥ यः स्नाति मानसे तीर्थे स वै मोक्षमवाप्नुयात् ॥१११॥
प्रौढं वैराग्यमास्थाय भजते मामनन्यभाक् ॥ पूर्णदृष्टिः प्रसन्नात्मा स वै मोक्षमवाप्नुयात् ॥११२॥
त्यक्त्वा गृहं च यस्तीर्थे निवसेन्मरणोत्सुकः ॥ म्रियते मुक्तिक्षेत्रेषु स वै मोक्षमवाप्नुयात् ॥११३॥

थकी जती रही छे तेथी जेओ सुख तथा दुःख देनारनां शीतोष्णादि द्वंद्व थकी मुक्त थाय छे. वगेरे मनुष्यो, ए अव्यय पदने पामे छे. ॥११०॥ जे मनुष्य ज्ञानरूपी धरामां स्नान करे छे ते मोक्षे जाय छे, के, जे धरामां सत्यरूपी जल छतां, जेना थकी राग द्वेषरूपी मच्छ हारी गया छे. ॥१११॥ दृढ वैरागनो आश्रय करीने, अनन्य भावे जे जन मारुं भजन करे छे तथा पूर्ण दृष्टिवान छतां प्रसन्न अंतःकरणवाळा छे, ते मोक्षने पामे छे. ॥११२॥ जे पुरुष पोताना घरनो त्याग करीने, मरण बाबत अत्यासन्न थईने, तीर्थमां मरण पाम्ये जाय छे. ॥११३॥



१८०

अयोध्या, मथुरा, माया, काशी, कांची, अवंतिका अने द्वारिका ए सात पुरीओमांनी कोइपण पुरीमां मरण पामे; तो मोक्ष प्राप्त थाय छे, ॥११४॥ हे गरुड ! एवी रीते ज्ञान वैराग्यवाळो मोक्षने लगतो धर्म में तमने कह्यो, के जे सांभळवाथी मोक्षनी प्राप्ति थाय छे. ॥११५॥ जे मनुष्य तत्त्ववेत्ता छे, ते मोक्षे जाय छे, जे धार्मिक छे ते स्वर्गे जाय छे, जे पातकी छे ते दुर्गतिने पामे छे तथा पक्षी वगेरे जीवो जन्ममरणरुपी संसारने पामे छे. ॥११६॥ भगवान् गरुडने कहे छे; ए प्रकारे सकल शास्त्रोमां सारांश कहेलो छे, हवे बीजुं शुं सांभळवानी इच्छा छे ? ॥११७॥ सूत पुराणी कहे छेः ए रीते भगवानना

अयोध्या मथुरा माया काशी कांची अवंतिका ॥ पुरी द्वारावती ज्ञेयाः सप्तैता मोक्षदायिकाः ॥११४॥
इति ते कथितं तार्क्ष्य ! मोक्षधर्मं सनातनम् ॥ ज्ञानवैराग्यसहितं श्रुत्वा मोक्षमवाप्नुयात् ॥११५॥
मोक्षं गच्छंति तत्त्वज्ञाः धार्मिकाः स्वर्गतिं नराः ॥ पापिनो दुर्गतिं यांति संसरंति खगादयः ॥११६॥
इत्येवं सर्वशास्त्राणां सारोद्धारो निरूपितः ॥ मया ते षोडशाध्यायैः किं भूयः श्रोतुमिच्छसि ॥११७॥

सूत उवाच :—

एवं श्रुत्वा वचो राजन्गरुडो भगवन्मुखात् ॥ कृतांजलिरुवाचेदं तं प्रणम्य मुहुर्मुहुः ॥११८॥
भगवन्देवदेवेश ! श्रावयित्वा वचोऽमृतम् ॥ तारितोऽहं त्वया नाथ ! भवसागरतः प्रभो ! ॥११९॥
स्थितोऽस्मि गतसंदेहः कृतार्थोऽस्मि न संशयः ॥
इत्युक्त्वा गरुडस्तूष्णीं स्थित्वा ध्यानपरोऽभवत् ॥१२०॥

मुखेथी गरुड सकल वृत्तांत सांभलीने हाथ जोडीने, भगवानने वारंवार नमस्कार करीने, भाषण करवा लाग्या. ॥११८॥ ते एम के, हे भगवान् ! हे सर्व देवोमां श्रेष्ठ ! आपे मने अमृतरुपी कथा संभळावीने, संसाररुपी समुद्र थकी तार्यो. ॥११९॥ हवे मारा सकल संशय नाश पाम्या अने हुं कृतार्थ थयो, एमां संदेह नथी. ए रीते भाषण करीने, गरुड भगवाननुं ध्यान करता थका स्वस्थ बेसता हता. ॥१२०॥

१८-२

भगवाननुं ध्यान करे तो प्रभु दुर्गतिनो नाश करे छे अने सद्गति आपे छे; अने उत्तम भक्ति करवाथी उत्तम भक्ति आपे छे, एवा अति दयाळु परमात्मा मारुं रक्षण करो. ॥१२१॥

इति श्री गरुडपुराणे सारोद्धारे भगवत् गरुड संवादे मोक्षकर्म निरुपणो नाम षोडशमोऽध्यायः ॥१६॥

॥ अथ श्रवणफल ॥

भगवान् गरुडने कहे छे : हे गरुड ! में तमने ऊर्ध्वदेहिक कह्युं, ते कोइपण मरनार मनुष्यनी पाछळ दश दिवस सुधी सांभळशे ते सकल पातको मुक्त थशे. ॥१॥ परलोकमां हित थवाने अर्थे जे जे कर्म कह्यां, ते पितृओने दान आपवानी साथे करनारने पुत्रादि वांछित फळ आपवा छतां. आ लोक तथा परलोकमां सुखप्रद जाणवां. ॥२॥ जेओ नास्तिक बुद्धिना अधम

स्मरणाद्दुर्गतिहर्ता पूजनयज्ञेन सद्गतेर्दाता॥ यः पश्यानिजभक्त्या ददातिमुक्तिं स मां हरिः पातु॥१२१॥

इति श्री गरुडपुराणे सारोद्धारे भगवद्गरुडसंवादे मोक्षधर्मनिरूपणो नाम षोडशमोऽध्यायः ॥१६॥

श्रीकृष्णार्पणमस्तु ॥ श्रीगणेशाय नमः ॥ अथ श्रवणफलम् ॥

श्री भगवानुवाचः—

इत्याख्यातं मया तार्क्ष्य सर्वमेवौर्ध्वदेहिकम् ॥ दशाहाभ्यंतरे श्रुत्वा सर्वपापैः प्रमुच्यते ॥१॥
इदं चामुष्मिकं कर्म पितृमुक्तिप्रदायकम् ॥ पुत्रवांछितदं चैव परत्रेह सुखप्रदम् ॥२॥
इदं कर्म न कुर्वंति ये नास्तिकनराधमाः ॥ तेषां जलमपेयं स्यात्सुरातुल्यं न संशयः ॥३॥
देवताः पितरश्चैव नैव पश्यंति तद्गृहम् ॥ भवंति तेषां कोपेन पुत्राः पौत्राश्च दुर्गताः ॥४॥
ब्राह्मणाः क्षत्रिया वैश्याः शूद्राश्चैवेतरेऽपि च ॥ ते चांडालसमा ज्ञेयाः सर्वे प्रेतक्रियां विना ॥५

जन छे, ते कर्मो करता नथी, एमनुं जल सुरा तमान गणीने, पान करवा योग्य नथी. ॥३॥ तेमज देवो अने पितृओ तेमना घर सामुं जोता नथी. वळी तेमना क्रोधथी संतति दुर्वृत्त थाय छे. ॥४॥ ज्यांसुधी पितृओनी क्रिया करी न होय, त्यांसुधी ब्राह्मण, क्षत्रिय. वैश्य के शूद्र होय, तो पण ते प्रत्येकने चांडालतुल्य जाणवा. ॥५॥

जे जन आ पुण्यकारक प्रेतकल्प सांभळे, अथवा संभळावे, ते पापथकी मुक्त थवा छतां, कदि पण दुर्गति पामतो नथी. ॥६॥ माता के पितानुं मरण थया पछी पुत्र वगेरे जे जन, आ गरुडपुराण सांभळे छे, तेना पितृओ मुक्त थवा छतां, तेने संतति प्राप्त थाय छे. ॥७॥ जेणे आ गरुडपुराण सांभळ्यु न होय, जेणे गया श्राद्ध कर्युं न होय, जेणे वृषोत्सर्ग कर्यो न होय तथा जेणे मासिक तथा वार्षिक श्राद्ध कर्या न होय. ॥८॥ तेने पुत्र शी रीते कहेवो वारु? तथा पितृऋणथकी शी रीते मुक्त थशे, वळी ते माता पितानो उद्धार करीने शी रीते तारशे वारु? ॥९॥ माटे घटित प्रयत्न करीने, आ पुराण अवश्य श्रवण

प्रेतकल्पमिदं पुण्यं श्रृणोति श्रावयेच्च यः ॥ उभौ तौ पापनिर्मुक्तौ दुर्गतिं नैव गच्छतः ॥६॥

मातापित्रोश्च मरणे सौपर्णं श्रृणुते तु यः ॥ पितरौ मुक्तिमापन्नौ सुतः संततिमान्भवेत् ॥७॥

न श्रुतं गारुडं येन गयाश्राद्धं च नो कृतम् ॥ वृषोत्सर्गः कृतो नैव न च मासिकवार्षिके ॥८॥

स कथं कथ्यते पुत्रः कथं मुच्येदृणत्रयात् ॥ मातरं पितरं चैव कथं तारयितुं क्षमः ॥९॥

तस्मात्सर्वप्रयत्नेन श्रोतव्यं गारुडं किल ॥ धर्मार्थिकाममोक्षाणां दायकं दुःखनाशनम् ॥१०॥

पुराणं गारुडं पुण्यं पवित्रं पापनाशनम् ॥ श्रृण्वतां कामनापूरं श्रोतव्यं सर्वदैव हि ॥११॥

ब्राह्मणो लभते विद्यां क्षत्रियः पृथिवीं लभेत् ॥ वैश्यो धनिकतामेति शूद्रः शुध्यति पातकात् ॥१२॥

करवुं. आ पुराण सकल दुःखोनो नाश करनारुं छतां धर्म, अर्थ, काम तथा मोक्षने आपनारुं छे. ॥१०॥ आ गरुडपुराण अति पुण्यकारक तथा पवित्र छतां, सकल पातकोनो नाश करनारुं छे, ने जे सांभळशे तेना मनोरथ पूर्ण करनारुं छे, माटे आ पुराण ब्राह्मण सांभळे तो तेने विद्या प्राप्त थाय छे. क्षत्रिय सांभळे तो तेने पृथ्वी (राज्य) प्राप्त थाय छे, वैश्य सांभळे तो ते धनवान थाय छे अने शूद्र सांभळे तो ते पातको थकी मुक्त थाय छे. ॥१२॥

આ પુરાણ વાંચનારને જે દાન આપવાનાં પ્રથમ કહેલાં છે, તે તેને આપવાં, ન આપે તો કર્મ ફલ થતું નથી. ॥૧૩॥ પ્રથમ પુરાણની પૂજા કરવી, પછી વસ્ત્રાલંકાર વગેરે ઉપચાર સમર્પણ કરીને, વાચકની પૂજા કરવી, ॥૧૪॥ વાચકને અન્ન, સુવર્ણ તથા ભૂમિ વગેરે દાન આપવાં તથા તેમનું યથાવિધિ ભક્તિપુરસ્સર દાન કરવું. તે થકી અતિ પુણ્ય પ્રાપ્ત થાય છે. ॥૧૫॥ એવી રીતે

श्रुत्वा दानानि देयानि वाचकायाखिलानि च ॥ पूर्वोक्तशयनादीनि नान्यथा सकलं भवेत् ॥१३॥
पुराणं पूजयेत्पूर्वं वाचकं तदनंतरम् ॥ वस्त्रालंकारगोदानैर्दक्षिणाभिश्च सादरम् ॥१४॥
अन्नैश्च हेमदानैश्च भूरिभिः ॥ पूजयेद्वाचकं भक्त्या बहुपुण्यफलाप्तये ॥१५॥
वाचकस्यार्चनेनैव पूजितोऽहं न संशयः ॥ संतुष्टे तुष्टिर्त्तां यामि वाचके नात्र संशयः ॥१६॥

॥ इति श्रीगरुडपुराणे श्रवणफलम् ॥

ભગવાન ગરુડને કહે છેઃ હે ગરુડ ! વાચકનું પૂજન થયું એમ જાણવું. એમાં સંશય કરનાર નરકે જાય છે, જેથી વાચક સંતુષ્ટ થાય એટલે હું સંતુષ્ટ થાઉં છું. ॥૧૬॥

ઇતિ શ્રી ગરુડપુરાણ શ્રવણફલ સમાપ્ત. ॥

# पौराणकर्मदीपिकाः

## बृहत् क्रियमाण संग्रह

कर्त्ता—ज्योतिर्विद, वृन्दावन माणेकलाल शर्मा

आ पौराणिक कर्मकांडनो अति उत्तम ग्रंथ छे. ग्राहकोनी वारंवार मांगणी थती होवा छतां कागळ अने छपामणी घणी मोंघी होवाथी आ पुस्तकनी नवी आवृत्ति अत्यार सुधी छापी शकाइ नहोती, आ आवृत्ति शुद्ध करावी स्वच्छ छपाववामां आवेली छे. आ पुस्तक कर्मकांड करावववाळाने अति उपयोगी छे.

आ ग्रंथमां हेमाद्रिप्रयोग, दशविधिस्नान, शान्तिप्रयोगो, शान्तिपाठमंत्रो, कर्मारंभेगणेशादिनां स्मरण, प्रायश्चित संकल्प, प्रधान संकल्प, अंग संकल्प, दिगरण, कलशस्थापन, दीपस्थापन, गणपतिपूजन, कलश स्थापन, पुण्याहवाचन प्रयोग, अभिषेक, मंडप, मातृकास्थापन, गौर्यादि मातृकास्थापन. वैश्वदेव संकल्प, नान्दीश्राद्ध प्रयोग, अर्धबदन, पंचगव्य प्रकरण, भूमिपूजन, पंचभूसंस्कार, ग्रहस्थापनकारिका, ग्रहस्थापन प्रयोग. कुशकंडिका, अग्निपूजन, द्रव्यत्याग· संकल्प, ग्रहहोम, लक्ष्मीहोम, व्याहतिहोम उत्तरपूजन. नवाहुतय, बलिदान, क्षेत्रपाल महाबलि, पूर्णाहुति, संस्रवप्राशन श्रेयसंपादन, स्वर्णदान, गोदान. अनडुदाम, तिलपात्रदान, छायापात्रदान, पीठदान, उत्तराभिषेक, आशोर्वादमंत्रो, देवताविसर्जन, क्षमापन, विवाहसंस्कारप्रयोग, वाग्दानप्रयोग, मधुरर्क, मंगलाष्टक, कन्यादानसंकल्प, गोत्रोच्चारकन्यादानसंकल्प, विवाहहोम, लग्नहोम, सप्तपदी, कंसारभक्षण, गोमुखप्रसवप्रयोग, आश्लेशशान्तिप्रयोग, ज्येष्ठाशान्ति, मूलशान्ति, व्यतीपातशान्ती, वास्तुशान्ती वास्तुमंडळदेवता, पीठदेवता, मंडळदेवतानामबलिदान, बलिप्रार्थना वास्तुदेवताहोम प्रधानहोम, उत्तरपूजन, वास्तुमूर्तिनिक्षेप, ग्रहप्रवेशद्वारपूजन, ग्रहोना जपप्रयोग, मृत्युंजयविधि, गुरुपूजाविधि, ग्रहो; पाठात्मकनवचंडीविधि, होमात्मकनवचंडीप्रयोग, सर्वतोभद्रमंडलदेवता, प्रधानदेवताआह्वान, कुमारिकापूजन, चतुषष्टीयोगिनीस्थापना. सर्वतोभद्रमंडळदेवताना होम चतुषष्टियोगिनीना होम, प्रधानहोम, कुष्मांडबलिदान, एकादशीउद्यापन, पौराणिकपुरुषसुक्त, पुरुषोतममासव्रतउद्यापन, अपूपवायनदानप्रयोग, गोत्रिरात्रिव्रतउद्यापन गंगापूजन, काशीस्थदेवनामावलि, द्वारीकास्थदेवनामावलि, नित्यतर्पणादिश्राद्धविधि, दशाहा श्राद्धप्रयोग, द्वादशाश्राद्धप्रयोग, त्रयोदशोश्राद्धप्रयोग, शय्यादानविधि, पंथिदानविधि एम एकएक प्रयोग कर्मकान्डीओने उपयोगी छे.

स्वच्छ छपाइ मोटा अक्षर छुटापाना रफ, कागळमां छापेली किंमत रु ७–०० पोस्टेज जुदुं.

इति श्री

# गरुड पुराण

समाप्तम्

१८-९